૩૧. અથ લઘુસિંહ નિક્રીડિત તપ-જેવી રીતે સિંહ ચાલ્યો જતો હોય અને થોડે દૂર જઈ આગલા પ્રદેશ તરફ ... કરી દેખે છે તેવી રીતે અહીં પણ જે તપ પ્રથમ કર્યો હોય તેનું પારણું કરી ફરીથી તે તપનું આસેવન કરે માટે તેને "સિંહનિક્રીડિત તપ" કહીયે આ તપ પછી લખેલા "મહાસિંહ નિક્રીડિત તપ" ની અપેક્ષાએ આ તપ ન્હાનો છે માટે "લઘુસિંહ નિક્રીડિત તપ" કહે. તેની વિધિ નીચે પ્રમાણે-દરેક ઠેકાણે ઉપવાસ પછી પારણું સમજી લેવું. પ્રથમ એક ઉપવાસ કરી પારણું, કરે પછી બે ઉપવાસ કરી પારણું કરે એમ સર્વત્ર ઉપવાસે આગળ પારણું સમજી લેવું. વળી પાછો એક ઉપવાસ કરી પારણું ત્યાર પછી ત્રણ, બે, ચાર, ત્રણ, પાંચ, ચાર, છ, પાંચ, સાત, છ, આઠ, સાત, નવ, આઠ, નવ, સાત, આઠ, છ, સાત, પાંચ, છ, ચાર, પાંચ, ત્રણ ચાર, બે, ત્રણ, એક, બે, એક એવી રીતે ઉપવાસો કરવાથી એકસો ચોપન દિવસ ઉપવાસના થાય. અને તેત્રીશ દિવસો પારણાના થાય. જુમલે ૧૮૭ દિવસે એટલે ૬ માસ અને સાત દિવસે એક પરિપાટીયે એક શ્રેણી થાય. એવી રીતે ચાર શ્રેણી કરીયે એટલે બે વર્ષ અને અઠાવીશ દિવસે એ તપ પૂર્ણ થાય, તેમાં પારણાને દિવસે પહેલી શ્રેણીએ વિગય સહિત સર્વકામ ગુણિત રસોપેત ઇચ્છા પ્રમાણે સુંદર ભોજન કરી જમે, બીજી શ્રેણીએ નીવી કરી ભોજન કરે. ત્રીજી શ્રેણીએ જે ચીજ ખાવાં [illegible] [illegible]

મેરી અવૈષ્યારી ત્રીજ વાત અથવા વિશેષે જમે અને ચોથી વેળીએ પારણાને દિવસે આયંબિલ કરે ॥ ઇતિ ॥

૨૧. અથ મહાસિંહ નિઃક્રીડિત તપ—એ તપની અંદર પણ પૂર્વોક્ત 'લઘુસિંહ નિઃક્રીડિત' તપની પેઠે એક, બે, એક, ત્રણ, બે, ચાર, ત્રણ, પાંચ, ચાર, છ, પાંચ, સાત, છ, આઠ, સાત, નવ, આઠ, દશ, નવ, અગીઆર, દશ, બાર, અગીઆર, તેર, બાર, ચૌદ, તેર, પંદર, ચૌદ, સોળ, પંદર, અને સોળ ઉપવાસ કરવા; એ ઉપવાસોને પાછા ફરતાં ઊતરતી રીતે કરવા એટલે જેમ ચડતાં કર્યા તેમજ વળી પૂર્વ કહ્યા પ્રમાણે ઉતરતી પાછા વળતાં પણ કરવા, એમ કરતાં છેવટે એક ઉપવાસ આવે, અહીંઆ એકથી ચડતાં અને સોળથી પાછા વળતાં એવી રીતે ઉપવાસ કરતાં એક પરિપાટીએ બાકી આંક ચાર વખત આવે છે માત્ર સોળનો આંક બે વખત આવે તથા પંદરનો આંક ત્રણ વખત આવે છે, અહીં મળી ચારસો સત્તાણું દિવસો ઉપવાસના થાય તથા એકસઠ દિવસ પારણાના થાય, સર્વ મળી પાંચસો અઠાવન દિવસે એક 'લતા' થાય, એવી ચાર 'લતાઓ' કરતાં એ તપ છ વર્ષ બે માસ અને બાર દિવસે પૂર્ણ થાય ॥ ઇતિ ॥

૨૨ મુક્તાવલીનામા તપ—એક ઉપવાસ કરી પારણું કરવું પછી બે ઉપવાસ કરી પારણું કરવું, વળી એક ઉપવાસ કરી પારણું કરવું પછી ત્રણ ઉપવાસ કરી પારણું કરવું, વળી પછી એક ઉપવાસ કરી પારણું કરી પછી ચાર ઉપવાસ કરી પારણું કરવું, વળી પછી એક ઉપવાસ કરી પારણું કરી પછી પાંચ ઉપવાસ કરવા, પારણું કરી વળી એક ઉપવાસ કરી પારણું કરી છ ઉપવાસ કરવા પારણું. ફરી એવી રીતે અનુક્રમે આંતરે આંતરે એક એક ઉપવાસ કરી પારણું કરી સોળ ઉપવાસ કરવા, પછી પારણું કરી પાછા ફરીએ તેં આવી રીતે કે-સોળ ઉપવાસનું પારણું કરી એક ઉપવાસ, પછી પંદર ઉપવાસ કરી પારણું કરી એક ઉપવાસ, પછી ચૌદ ઉપવાસ પછી એક, પછી તેર પછી એક, બાર, એક, અગીઆર, એક, દશ, એક, નવ, એક, આઠ, એક, સાત, એક, છ, એક, પાંચ, એક, ચાર, એક, ત્રણ, એક, બે, એક, એવી રીતે એક ઉપવાસને આંતરે વધતા સોળ ઉપવાસ સુધી ચડતાં કરીએ ત્યારે 'અર્ધમુક્તાવલી' તપ થાય અને પાછા ફરતાં 'પૂર્ણમુક્તાવલી તપ' થાય, જેમાં સર્વ મળીને ત્રણસેં (૩૦૦) ઉપવાસ અને ૬૦ પારણાંએ કરી એક 'પરિપાટી' થાય, એવી ચાર

થઈ. પછી ચાર, પાંચ, છ, સાત. એક, બે, ત્રણ એ અઠાવીશ દિવસે બીજી ઓળી થઈ પછી સાત, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, એ અઠાવીશ દિવસે ત્રીજી ઓળી થાય. પછી ત્રણ, ચાર, પાંચ, છ, સાત, એક, બે, એ અઠાવીશ દિવસે ચોથી ઓળી થાય પછી ૬, ૭, ૧, ૨, ૩, ૪, ૫, એ ૨૮ દિવસે પાંચમી ઓળી, તે પછી ૨-૩-૪-૫-૬-૭, અને ૧, એ ૨૮ દિવસે છઠી ઓળી, તે પછી ૫, ૬, ૭, ૧, ૨, ૩, અને ૪ એ અઠાવીશ દિવસે સાતમી ઓળી થાય. એકેક ઓળીની અંદર ૨૮ ઉપવાસ અને ૭ દિવસ પારણાના થાય સર્વ મળી ૧૯૬ ઉપવાસ અને ૪૯ દિવસ પારણાના મલી ૨૪૩ દિવસે એ તપ પૂર્ણ થાય ॥ ઇતિ ॥

૪૨. **ભદ્રોત્તર પ્રતિમા તપ**—એ તપમા ઉપવાસ ૫, ૬, ૭, ૮, અને ૯, એ ૩૫ ઉપવાસે પ્રથમ ઓળી થાય. તથા ૭, ૮, ૯, ૫, અને ૬, એ ૩૫ ઉપવાસે બીજી ઓળી થાય તથા ૯, ૫, ૬, ૭, ૮, એ ૩૫ ઉપવાસે ત્રીજી ઓળી થાય તથા ૬, ૭, ૮, ૯, ૫, એ ૩૫ ઉપવાસે ચોથી ઓળી તથા ૮, ૯, ૫, ૬, ૭, એ ૩૫ ઉપવાસે પાંચમી ઓળી એમ એક એક ઓળીએ ૩૫ ઉપવાસ અને પાંચ પાંચ પારણા થાય. સર્વ મળી ૧૭૫ ઉપવાસ અને ૨૫ દિવસ પારણાનાં થાય એવી રીતે ચાર પરિપાટીયે કરવા એટલે ૮૦૦ દિવસે એ તપ પૂર્ણ થાય. ॥ ઇતિ ॥

૪૩. **સર્વતો ભદ્રપ્રતિમા તપ**—એ તપને વિષે ઉપવાસ ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, એ ૫૬ દિવસે પ્રથમ પંક્તિ જાણવી. તથા ૮ ૯, ૧૦, ૧૧, ૫, ૬, અને, ૭, એ ૫૬ દિવસે બીજી પંક્તિ ૧૧, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, એ ૫૬ ઉપવાસે ત્રીજી પંક્તિ તથા ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૫, ૬, એ ૫૬ ઉપવાસે ચોથી પંક્તિ. તથા ૧૦ ૧૧, ૫, ૬, ૭, ૮, ૯, એ ૫૬ ઉપવાસે પાંચમી પંક્તિ થાય તથા ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૫, એ ૫૬ ઉપવાસે છઠી પંક્તિ. તથા ૯, ૧૦, ૧૧, ૫, ૬, ૭, ૮, એ સાતમી પંક્તિ જાણવી સાત પંક્તિની સાત ઓળીના ઉપવાસ ૩૯૨ તથા પારણા ૪૯ કુલ મલી ૪૪૧ દિવસે એક પરિપાટી થાય. એવી ચાર પરિપાટીએ એ તપ પૂર્ણ થાય. પૂર્વોક્ત લઘુસિંહ નિઃક્રીડિત તપની પેઠે 'ભદ્રપ્રતિમા' વિગેરે ચારે તપની અંદર પારણાની વિધિ સમજવી ॥ ઇતિ ॥

૪૮. ચૌદપૂર્વતપની વિધિ-પ્રથમ ઠવણી તથા સાપડામાં જ્ઞાનપૂજા કરવી. ચૌદ શુક્લ ચતુર્દશી પર્યંત એકેક ઉપવાસ નિરંતર કરિયે. મહીને મહીને જ્ઞાન અને જ્ઞાનવંતની પૂજા કરિયે એમ ચૌદ માસ તપ કરવો. અથવા એકાસણાં દિન ચૌદ સુધિ ૧૪ કરવાં. ઉજમણે પાટી, પોથી, ઠવણી, કવળી, વીંટાંગણા પ્રમુખ જ્ઞાનોપકરણ સર્વ ચૌદ ચૌદ આગળ સ્થાપીએ એકાસણાં દિન ૧૪ સુધી ૧૪ કરવા ઇત્યાદિ

દિન	ચૌદપૂર્વનું ગુણણું	ખમા.	સાથી.	લોગ.	નોક.
૧	શ્રીઉત્પાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૨	શ્રીઅગ્રાયણીપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૩	શ્રીવીર્યપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૪	શ્રીઅસ્તિપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૫	શ્રીજ્ઞાનપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૬	શ્રીસત્યપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૭	શ્રીઆત્મપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૮	શ્રીકર્મપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૯	શ્રીપ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વાય	૧૪	૧૪	૧૪	૨૦
૧૦	શ્રીવિદ્યાપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૧૧	શ્રીકલ્યાણનામધેયપ્રવાદ	૧૪	૧૪	૧૪	૨૦
૧૨	શ્રીપ્રાણાવાયપ્રવાદપૂર્વાય	૧૪	૧૪	૧૪	૨૦

૧૩	શ્રીક્રિયાવિશાલપ્રવાદપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦
૧૪	શ્રીલોકબિન્દુસારપૂર્વાય નમઃ	૧૪	૧૪	૧૪	૨૦

૪૫. શ્રી પંદર તિથીના તપની વિધિ.

તિથી	કલ્યાણકનાં જિનનામ	સા૦	ખ૦	કા૦	નો૦
૧	શ્રીકુન્થુનાથપારગતાય નમઃ	૧૭	૧૭	૧૭	૨૦
૨	શ્રીશીતલનાથપારગતાય નમઃ	૧૦	૧૦	૧૦	૨૦
૩	શ્રીશ્રેયાંસનાથપારગતાય નમઃ	૧૧	૧૧	૧૧	૨૦
૪	આદિનાથપરમેષ્ઠીને નમઃ	૧	૧	૧	૨૦
૫	શ્રીધર્મનાથપારગતાય નમઃ	૧૫	૧૫	૧૫	૨૦
૬	શ્રીનેમિનાથસર્વજ્ઞાય નમઃ	૨૨	૨૨	૨૨	૨૦
૭	શ્રીચન્દ્રપ્રભુસર્વજ્ઞાય નમઃ	૮	૮	૮	૨૦
૮	શ્રીઅભિનન્દનપારગતાય નમઃ	૪	૪	૪	૨૦
૯	શ્રીમુનિસુવ્રતપારગતાય નમઃ	૨૦	૨૦	૨૦	૨૦
૧૦	શ્રીઅરનાથપારગતાય નમઃ	૧૮	૧૮	૧૮	૨૦
૧૧	શ્રીમલ્લિનાથપારગતાય નમઃ	૧૯	૧૯	૧૯	૨૦
૧૨	શ્રીઅરનાથસર્વજ્ઞાય નમઃ	૧૮	૧૮	૧૮	૨૦

૧૩	શ્રીઅમમદેવાર્હતે નમઃ	૧	૧	૧	૨૦
૧૪	શ્રીવાસુપૂજ્યાર્હતે નમઃ	૧૨	૧૨	૧૨	૨૦
૧૫	શ્રીસંભવનાથનાથાય નમઃ	૩	૩	૩	૨૦
૧૬	શ્રીમહાવીરાર્હતે નમઃ	૨૪	૨૪	૨૪	૨૦

પાંચ તિથીના મળમા પાંચ લોગસ્સનો નવકારે કાઉસ્સગ્ગ કરવો અને બાકી તિથિના મળમાં બાર લોગસ્સનો નવકારે કાઉસ્સગ્ગ કરવો ॥ ઇતિ ॥

૮૬. **સર્વ સંપત્તિ ગુણનામા તપની વિધિ**. જે તપના સેવનથી સર્વ પ્રકારના ગુણની પ્રાપ્તિ થાય માટે તેને 'સર્વ સંપત્તિ ગુણ' તપ કહ્યો એ તપ, શુક્લ અથવા કૃષ્ણપક્ષના પડવાને દિવસે આરંભવો તેના પડવાને દિવસે એક ઉપવાસ કરી પછી બીજા પક્ષની બીજથી બે ઉપવાસ કરવા પછી ત્રીજા પક્ષની ત્રીજથી ત્રણ ઉપવાસ કરવા એવી રીતે છેલ્લી પૂર્ણિમા અથવા અમાવાસ્યાના દિવસથી આરંભી જ્યારે પંદર ઉપવાસ કરીએ ત્યારે તપ પૂર્ણ થાય. ૧૨૦ દીવસે એ તપ પૂર્ણ થાય એ તપમાં જે તિથી આવે તે તીથીએ ફરીથી ઉપવાસ કરવો એટલે ઉપવાસ ૧૨૦ થાય મહિમા મુજબ સ્નાત્ર મહોત્સવ યથાશક્તિ કરે ॥ ઇતિ ॥

૮૭ **નિરૂજશિખનામા તપ**. નિરૂજ એટલે નિરોગીપણું, એને જેના ફલરૂપ શિખા એટલે મોટી ચોટી અર્થાત જેનાથી નિરોગીપણાની પ્રાપ્તિ થાય તેને 'નિરૂજશિખતપ' કહેવાય એ તપમા કૃષ્ણપક્ષમાં એકાન્તરે આઠ આયંબિલ અને આઠ ઉપવાસ કરીએ. સોળ દિવસે એ તપ પૂર્ણ થાય. ...ભગવાની વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ કરવો. ॥ ઇતિ ॥

૮૮ **આયતિજનક તપ**. જે તપ આયતિ એટલે પરભવને વિષે નિર્વિઘ્નતાને જનક એટલે પેદા કરનાર હોય તેને 'આયતિજનક' તપ કહેવાય. એ તપમા અન્તરે અન્તરે આયંબિલ કરવા જો તાકાત આયંબિલ ન કરી શકે તો એક દિવસ આયંબિલ અને

ગુણુનો મંત્ર નમોઅરિહંતાણં જાપ (૨૦૦૦) નોકારવાળી ૨૦ ખમાસમણ ૧૨ લોગસ્સ ૧૨ ફળ ૧૨ નિત્ય ઢોકવા. ॥ ઇતિ ॥

૫૨. **શ્રી નંદીશ્વરનામા તપઃ**—નંદીશ્વરદ્વીપના બાવન પ્રસાદ પટ ઉપર આલેખીને તે પટની પૂજા પૂર્વક તપ કરવો. એ તપમાં દીવાળીની અમાવાસ્યાથી આરંભી ઉપવાસ કરીએ. એમ પ્રત્યેક અમાવાસ્યાએ તપ કરતાં ફરી દીવાળીની અમાવાસ્યા સુધી નંદીશ્વરદ્વીપના એક દિશાના તેર ચૈત્યની અપેક્ષાએ તેર ઉપવાસ થાય. ફરી ત્રીજી દીવાળીની અમાવાસ્યાથી બીજી દિશાની અપેક્ષાએ તેર ઉપવાસ કરવા તેમાં પણ પ્રત્યેક મહિનાની અમાવાસ્યાએ એકેકો ઉપવાસ કરે. એવી રીતે ચાર દિશાઓના બાવન ચૈત્ય આશ્રિ સાત વર્ષ અને બે મહીને એ તપ પૂર્ણ થાય. હાલના સમયમાં દીવાળીથી અમાવાસ્યા તથા પૂર્ણિમાના બે બે ઉપવાસ કરી એક વર્ષમાં પણ એ તપ પૂર્ણ કરે છે. ઉજમણે શ્રી નંદીશ્વરદ્વીપનું મંડળ બનાવે, પૂજા ભણાવે જ્ઞાન પૂજા કરે તથા દેવગુરૂની ભક્તિ કરે મંડળની પૂજા કરે. બાવન લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સોપારી નાળીયેર વિગેરે બાવન બાવન ફળ પ્રભુ આગળ મૂકવા ॥ ઇતિ ॥

૫૩. **શ્રી પુંડરીક ગણુધરનામા તપઃ**—શ્રી પુંડરીક ગણુધરને ચૈત્રી પૂર્ણિમાએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે માટે તે દિવસે એક ઉપવાસ અથવા એકાસણાદિક તપ કરવો, યથાશક્તિએ શ્રી પુંડરિક ગણુધરની પૂજાપૂર્વક ભક્તિ કરવી. એ તપ સાત વર્ષ પર્યંત કરવું. ઉજમણે નણુંદપુત્રિકાઓને અથવા અન્યને અગણિતમંડક જમાડવા સાધુસાધ્વીને ઉઘો મુહપત્તિ વસ્ત્ર તથા અગણિતમંડક વ્હોરાવવા. સાત ઘરને વિષે અગણિતમંડકની લાહણી કરવી. અને " શ્રીપુંડરીકગણુધરાયનમઃ " નો૦ ૨૦ ગણુવી ॥ ઇતિ ॥

૫૪. **ચાંદ્રાયણુ તપ અને વજ્રમધ્ય પ્રતિમા તપઃ**—એ તપના ' યવમધ્ય પ્રતિમાં ' અને ' વજ્રમધ્યપ્રતિમા ' એવા બે ભેદ છે તેમાં પહેલો ભેદ કહે છે-જેમ ચંદ્રમા શુકલપક્ષમાં એકમથી આરંભી એકેકી કળાએ વધતો જાય છે તેમ આ તપમાં પણ પડવાના દિવસે એક કવલ, બીજના દિવસે બે કવલ, એમ શુકલપક્ષમાં પ્રતિદિન એકેકો કવલ વધારતાં પૂનમના દિવસે પંદર કવલનો આહાર કરવો પાછી કૃષ્ણુપક્ષમાં ચંદ્રમાની પણ પ્રતિદિન એકેકી કળા ઓછી થતી જાય છે તેમ આ તપમાં પણ કૃષ્ણુપક્ષનાં પડવાના દિવસે

પંદર કવલ, બીજના દિવસે ચૌદ, ત્રીજને દિવસે તેર, એવી રીતે હમેશાં એકેકો કવલ ઓછો કરતાં અમાવાસ્યાએ એક કવલનો આહાર
૨માપ્યપ્રતિમા' એક માસ પ્રમાણની થાય ઉજમણે રૂપાનો ચંદ્રમા અને સોનના બત્રીશયવ દેવ આગળ મૂકવાં. હવે
॥' તપ કહે છેઃ—કૃષ્ણપક્ષના પડવાને દિવસે પંદર કવલ, બીજના દિવસે ચૌદ કવલ, ત્રીજના દિવસે તેર કવલ એમ
ઓછો કરતાં અમાવાસ્યાએ એક કવલનો આહાર કરવો ફરી શુદપક્ષમાં પડવાના દિવસે એક કવલ, બીજને દિવસે બે કવલ,
દિવસે ત્રણ કવલ એમ દિવસે દિવસે એકેક કવલની વૃદ્ધિ કરતા પૂર્ણિમાએ પંદર કવલનો આહાર થાય. એમ એક માસે
,મધ્યપ્રતિમા' તપ પૂર્ણ થાય ઉજમણે રૂપાનો ચદ્રમા અને સોનાનું વજ્ર દેવ આગળ મૂકવું કવલની સંખ્યા પ્રમાણે લાડુ મુકવાં
વ પૂજા પુસ્તક પૂજા અને શ્રી સંઘનું વાત્સલ્ય બસ તપમા યથાશક્તિ કરવું ॥ ઇતિ ॥

૨૧ તપઃ—પોષ અને ચૈત્રમાસ છોડી દઇને અન્ય કોઇ પણ માસે સાધુસાધ્વી શ્રાવક તથા શ્રાવિકાયે "લઘુપંચમી
કૃષ્ણપક્ષની પંચમીના દિવસે ઉપવાસ કરતા એક વર્ષમા, ૨૫ પંચમી કરવી. સર્વ વિધિ તથા ઉજમણું
॥ ઇતિ ॥

તપઃ—એ તપ માગશર, મહા, ફાગણ, વૈશાખ, જેઠ, અને આષાડ, એ છ માસમાં કોઇ પણ માસની શુકલ
૨૨ . તપને જે માસમા ગ્રહણ કર્યો હોય ત્યારથી પાચ વર્ષ અને પાંચ માસ પર્યંત પ્રત્યેક માસની શુકલપંચમીએ
સઠ ઉપવાસે એ તપ પૂર્ણ થાય ઉજમણે પુસ્તક, સાપડા, વીટાંગણાં, એટલે રૂમાલ, કવલી, પાઠાં નવકારવાલી,
ના વતંણાં, જરમર્જેલા, લેખણ કાતરણી પાટી કાંબી ચંદરવા, પાટી ચિત્રિતપાઠાની જોડ સુવર્ણ ભીંબ, પાનાં
રણી આ બધી ચીજો પચ્ચીસ પચ્ચીસ મૂકવી. તથા નાણામાં સોનૈયા રૂપૈયા બદામડીયાં છસ્સડ દુર્ગા એ સર્વ પાંચ
કુલ ૨૫ નાણું જ્ઞાન આગળ મૂકવાં. તથા પટ્ટસૂત્રના દોરા પચ્ચીસ ઇત્યાદિ જ્ઞાનના ઉપગરણ મૂકવાં. તથા લીલાસૂકાં પકવાન,

[illegible]

[illegible]

[illegible]

પૃતનો કલશની ઉપર ધોળું વસ્ત્ર ઢાંકી તે ઉપર સાકરના મહોટાં મોદક આઠ તેને જ્ઞાનોપકરણ સહિત કર્મક્ષય નિમિત્તે પ્રતિમા વા પુસ્તક આગલ ઢોકવાં. જલગાડુ ૧ મૂકવુ ગુણણાનો મંત્ર નમોરિસધાણું નો૦ ૨૦-સા -૮-લો.-૮-ખ૦-૮. ॥ ઇતિ ॥

૬૩. સ્વર્ગસ્વસ્તિક તપઃ—એ તપમાં ચાર એકાસણાં કરી તે ઉપર એક ઉપવાસ કરવો. ઉજમણે પાંચ ધાન્યનો સ્વસ્તિક પુરવો. પાંચે ધાન્ય મણ મણ લેવા અને તેવડે જ્ઞાનની પૂજા કરવી. ॥ ઇતિ ॥

૬૪. રત્નરોહણ તપ —ઊળી પહેલી-એકાસણું ૧ નીવી ૧ આયંબિલ ૧ ઉપવાસ ૧ એ પ્રથમ ઓળી પછી નીવી ૧ આયંબીલ ૧ ઉપવાસ ૧ એકાસણું ૧ એ બીજી ઓળી, આયંબીલ ૧ ઉપવાસ ૧ એકાસણું ૧ નીવી ૧ એ ત્રીજી ઓળી, ચોથી ઊળી-ઉપવાસ ૧ એકાસણું ૧ નીવી ૧ આયંબિલ ૧ । ઊળી પાચમી-ઉપવાસ ૧ વિકૃતિ એકાસણું ૧ નીવી લુખી ૧ આયંબિલ ૧ એ પાંચમી ઊળી । એ તપ પૂર્ણ થયે ઉજમણામાં રત્નમય નવકારવાળી ૫, સ્થાપનાચાર્ય ૫, રત્નમય બીંબ ૫, અને મોદક ૨૦, જ્ઞાન આગળ મૂકવા. એ તપના પ્રારંભને દિવસે બ્રહ્મચર્ય સહિત જ્ઞાન દર્શન અને ચારિત્રનુ આરાધન કરવું. પારણાને દિવસે ગુરૂની અંગપૂજા યથાશક્તિ કરવી તથા દેવની અષ્ટપ્રકારી પૂજા કરવી, એ તપ કરવાથી સંતાન પ્રાપ્તિ, નિર્મળ નેત્ર અને તપ કરનારી સ્ત્રીને ગર્ભસ્રાવ થાય નહીં. એ તપ ત્રણ વર્ષ પર્યંત કરવું. તપનો પ્રારભ આસો શુદી ૫ થી કરવો ॥ઇતિ॥

૬૫. સુરાયણ તપઃ—કૃષ્ણપક્ષના પડવાથી આરંભી ૧૫ દિવસ સુધી એક ઉપવાસ અને એકેક આયંબિલ કરવું. ઉજમણે ૧૫ લાડુ તથા રુપાનો સૂર્ય કરાવી જ્ઞાનને અર્પણ કરવો. ॥ ઇતિ ॥

૬૬. જૈનજનક તપઃ—નિરંતર ૩૨ આયંબિલ કરવાં ઉજમણે શ્રી જિનની પૂજા કરવી. ॥ ઇતિ ॥

૬૭. કમલની ઊળીનો તપઃ—નવ કમળ એટલે પદ્મ એકેક પદ્મે એકાન્તરે આઠ ઉપવાસ કરવાથી એક ઊળી થાય એવી રીતે નવ ઊળી એકજ વર્ષમાં કરવી. ઉજમણે આઠ દલનું સુવર્ણ કમળ કરી તેની ઉપરે ગૌતમસ્વામી આલેખીને દેવ આગળ મૂકવા, જ્ઞાન પૂજા

કરી અગણારૂપાનાં તથા સોનાનાં નવ નવ કમલ દેવ આગળ મૂકવા. ગુણણું—ગૌતમસ્વામિને નમઃ ॥ ઇતિ ॥

૬૮. લક્ષનવકારના જાપની વિધિ—પ્રથમ અષ્ટપ્રકારી પૂજા કરીને દેવવાંદિને શ્રી જિનેશ્વર પાસે પંચ પરમેષ્ઠીનાં ગુણણાં ગણવાનો પ્રારંભ કરવો, પ્રથમપદનો જાપ પૂર્ણ થાય ત્યારે ચંદનનું તિલક ભગવાનને કરવું. દ્વિતીય પદનો જાપ પૂર્ણ થતાં પુષ્પમાળા પહેરાવવી. તૃતીયપદને વિષે કર્પૂરની પૂજા કરવી. ચતુર્થપદને વિષે અક્ષત મૂકવા. પંચમપદને વિષે ધૂપ માળું કરવું. નવકાર મંત્ર પૂરો થાય ત્યારે ભગવાનને તિલક કરવું. એવી રીતે જ્યારે ૧૦૦૦ જાપ પૂર્ણ થાય ત્યારે શક્રસ્તવ પૂર્વક અક્ષતનૈવેદ્યાદિક મૂકવું. એમ ૨૫૦૦૦ જાપ થાય ત્યારે અતિથિ સંવિભાગ તથા સાધર્મિક ભક્તિ કરવી. એવી રીતે ભૂમિશયન, એકાશનું પચ્ચખાણ, વિવિધઆહાર, અને બ્રહ્મચર્ય પાલન પૂર્વક તથા નવકાર જાપ કરવો. જ્યારે ૧૦૦૦ જાપ થાય ત્યારે શ્રીફળ ૧ ભગવાન આગળ મૂકવું. અક્ષત વિગેરેનો સ્વસ્તિક કરવો. સ્વામિવાત્સલ્ય તથા ઉજમણું કરવું ॥ ઇતિ ॥

૬૯. સમાધિમંત્રના જાપનો વિધિ—"ૐ હ્રીં અંબરાય કિત્તિયવંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા। આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ સ્વાહા" એ મંત્ર ૧૫૦૦૦નો જાપ કરવો. તેની નવકારવાળી ૧૫૦ થાય. ધૂપદીપ સહિત ધ્યાન કરવું. ઠીક અક્ષર બગાડ્યું આવે તો ફરીથી જાપ કરવો ॥ ઇતિ ॥

૭૦. અથ શ્રી સરસ્વતીમન્ત્ર—"ૐ હ્રીં ક્લીં હ્રૂં ઐં વદ વદ વાગ્વાદિની દેવી ભગવતી સરસ્વતી હ્રીં શ્રી નમઃ" એ મંત્ર પ્રભાતે ૧૦૮ વાર ગણે તો વિદ્યા પ્રાપ્ત થાય. ધૂપ દીપ કરી પવિત્ર વસ્ત્ર પહેરી એક ધ્યાને બેસી મંત્ર જાપ કરવો. ॥ ઇતિ ॥

૭૧. જ્ઞાન તપઃ—અઠ્ઠમ તપ કરવું, અને શક્તિ ન હોય તો એકાંતરે ત્રણ ઉપવાસની ઓળી એક કરવી. ઉત્તમોત્તમ સિદ્ધાંત પુસ્તકની પૂજા કરવી, પુસ્તકને વીંટણા પ્રમુખની પહેરામણી કરવી. જ્ઞાનવંત પુરુષની વસ્ત્ર, પાત્ર, અન્નપાનાદિકે ભક્તિ કરવી. સૂત્રસિદ્ધાંત પ્રકરણ લખાવવાને માટે દ્રવ્ય ખરચવું. ગણવાનો મંત્ર; ૐ હ્રીં નમો નાણસ્સ" નો૦ ૨૦ ગણવી. સા૦ ૫૧—ખ૦ ૫૧. લો૦ ૫૧. ૧ ઇતિ ॥

૭૨. **દર્શન તપઃ**—અઠ્ઠમ તપ કરવું, શક્તિને અભાવે એકાતરે ત્રણ ઉપવાસની એક ઓલી કરવી, ઉજમણે ભગવંતની પૂજા કરવી
ર્શન પ્રભાવક સંમત્યાદિ મહાન ગ્રંથોની પૂજા કરવી ગુણનાનો મંત્ર ૐ હ્રીં નમો દંસણસ્સ" નો૦ ગણવી સા ૬૭-ખ ૬૭-લો-૬૭ ॥ ઇતિ ॥
૭૩. **ચારિત્ર તપઃ**—અઠ્ઠમ તપ કરવુ. શક્તિને અભાવે એકાતરે ત્રણ ઉપવાસની એક ઓલી કરવી, ઉજમણે ગુરૂની નવાંગે
ત્રી, ચારિત્રીયાની ભક્તિ કરવી. ગુણનાનો મંત્ર ૐ હ્રીં નમો ચારિત્તસ્સ" નો૦ ગણવાં સા ૭૦ ખ ૭૦—લો ૭૦ ॥ ઇતિ ॥
૭૪. **શ્રી મહાવીર તપઃ**—બહોતેર અર્દ્ધમાસી, નવચઉમાસી, એકછમાસી, ત્રેમાસી, બે અઢિમાસી, છ બે માસી, બે દોઢ માસી, બાર
ભદ્રપ્રતિમા દિન બે, મહાભદ્ર પ્રતિમા દિન ચાર, સર્વતોભદ્રપ્રતિમા દિન દશ, એમ ભદ્રાદિ પ્રતિમાના ઉપવાસ સોળ તથા અભિગ્રહ
દિવસે ઉણી છ માસી એક, બસોને ઓગણત્રીસ છઠ, બાર અઠમ, એ રીતે શ્રી મહાવીરસ્વામીએ છદ્મસ્થાવસ્થામાં બાર વરસને
ત તપ કરવું; તેમાં પારણાં ૩૪૯ કરવા, તે રીતે તપ કરીને પછી ઉજમણું અષ્ટપ્રકારી પૂજા, ગૌતમ સ્વામી એક, મૃત મણ
તથા યથાશક્તિ શ્રી સંઘનુ વાત્સલ્ય કરવુ ॥ ઇતિ ॥

ગુણનો મંત્ર. દરેક મહાવીર તપમા
માહાવીરસ્વામિનાથાયનમઃ

	સા૦	ખ૦	લો૦	નો૦
	૧૨	૧૨	૧૨	૨૦

૭૫ **ગૌતમ પડઘો તપઃ**—પંદર પૂર્ણિમા પર્યંત એકાશનાદિ તપ યથાશક્તિયે કરવાં. ગૌતમસ્વામીને દૂધપાકનું નૈવેદ્ય ધરવું.
અષ્ટપ્રકારી પૂજા કરવી. શ્રી ગૌતમજીની પ્રતિમાને અભાવે શ્રી મહાવીર પ્રતીમાની પૂજા કરવી. ઉજમને રૂપાનો પડઘો ખીરે ભરીને શ્રી
ગૌતમ અથવા વીરની પ્રતિમા આગલ ઢોકવો. શ્રી ગુરૂને ઝોલી અને પાત્રા આપવાં. અને ગુણણું શ્રી ગૌતમસ્વામિનાથાયનમઃ એ ગણવું

આશ્રયી પણ પૃથક પૃથક ઉપવાસ કરતાં પીસ્તાલીસ ઉપવાસ થાય. ઉજમણે ઉપવાસ પૂર્વક મોદક ૪૮ તથા ફલ ૪૮ ઢોકવાં અને અષ્ટપ્રકારી પૂજા કરવી. ગુણણાનો મંત્ર આવતે, જે તીર્થંકરનો ઉપવાસ હોય તેને નામે. પરમેષ્ઠી નમઃ અને જન્મે અર્હતે નમઃ ગણવું નવકારવાળી ૨૦ ગણવી ॥ ઇતિ ॥

૭૭. શ્રી તીર્થંકર દીક્ષા તપઃ—વીશ તીર્થંકરે છઠ તપ કર્યાં, માટે તેમની દીક્ષાને દિવસે છઠ છઠ તપ કરવાં. એ ઉપવાસ ચાલીશ થયાં; અને શ્રી વાસુપૂજ્ય આશ્રયી ઉપવાસ એક તથા શ્રી મલ્લિનાથ અને પાર્શ્વનાથ આશ્રયી ઉપવાસ ત્રણ ત્રણ કરવા. એમ ૪૭ ઉપવાસ તથા શ્રી સુમતિનાથ આશ્રયી એકાસણું કરવું. ઉજમણે એકાસણા પૂર્વક મોદક ૪૮ તથા ફલ ૪૮ ઢોકવાં, અને અષ્ટપ્રકારી પૂજા કરવી. ગુણણું જે તીર્થંકરની તપસ્યા હોય એ તીર્થંકરને નામે નાથાય નમઃ નવકારવાળી ૨૦ ગણવી. ॥ ઇતિ ॥

૭૮. શ્રી તીર્થંકર કેવલજ્ઞાન તપઃ—શ્રી આદિનાથ, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, એ ચાર તીર્થંકર આશ્રયી ઉપવાસ, ત્રણ ત્રણ કરવા. અને શ્રી વાસુપૂજ્ય આશ્રયી એક ઉપવાસ તથા શેષ ઓગણીશ તીર્થંકર આશ્રયી બે બે ઉપવાસ કરવા સરવાળે ૫૧ ઉપવાસ કરવા. ઉજમણું મોદક બાવન તથા નૈવેદ્ય, બલિ, ફલાદિ ષટવિકૃતિ ઢોકવા. અષ્ટપ્રકારી પૂજા કરવી. ગુણણું જે તીર્થંકરની તપસ્યા હોય એ તીર્થંકરને નામે સર્વજ્ઞાય નમઃ ગણવું ॥ ઇતિ ॥

૭૯. તીર્થંકર નિર્વાણ તપઃ—શ્રી આદિનાથ નિર્વાણને દિવસે ઉપવાસ ૬ કરવાં. શ્રી વીરપ્રભુ નિર્વાણે ઉપવાસ બે, અને શેષ તીર્થંકરને નિર્વાણે એકાંતરે ઉપવાસ ત્રીશ ત્રીશ કરવા. ઉજમણે તિલક ચોવીશ, પકવાન ચોવીશ, ફલ ચોવીશ, શ્રી જિન આગલ ઢોકવાં, તથા યથાશક્તિએ શ્રી સંઘની પૂજા કરવી ગુણણું જે તીર્થંકરની તપસ્યા હોય એ નામે પારંગતાય નમઃ નવકારવાળી ૨૦ ગણવી. ॥ઇતિ॥

૮૦. દમયંતી તપઃ—એ તપ નલરાજાની આગે આગલ્યા વીરમતિને ભવે આદર્યું હતું, તે આવી રીતે કેઃ—

એકેક જિન આશ્રયી વીશ આયંબિલની એકેક ઓલી કરિયે. તેવી ચોવીશ ઓલી થાય અને એ મહોટું તપ છે તે બળી એની

તહાં આચામ્લ ઉપવાસ અને ચોવીશ પારણાં મળી બે મહીનાને બાર દિવસે એ તપ પૂર્ણ થાય, ઉજમણે જિનગૃહ મધ્યે બત્રીશ બત્રીશ વસ્તુ ઢોકવી. એ તપ યતિને ક્રિયા કલ્પ છે ॥ ઇતિ ॥

૯૩ લઘુધર્મ ચક્રવાલ તપઃ—એમાં પ્રથમ એક અઠ્ઠમ કરી પછી સાડત્રીશ એકાંતરે ઉપવાસ કરવા અને છેહડે પણ એક અઠ્ઠમ કરવું. એમ તેતાલી ઉપવાસ અને ૩૯ પારણાં મળી ૮૨ દિવસે એ તપ પૂર્ણ થાય, ઉજમણે જિનપુજા પૂર્વક રૌપ્ય સુવર્ણમય ધર્મચક્ર ઢોકવું, સંઘભક્તિ, નવપુજા, જ્ઞાનપુજા કરવી ॥ ઇતિ ॥

૯૪ એકાવલિ તપ. દિન ૩૩૪ પારણાં ૮૮. એ તપ રત્નાવલી તપના યંત્રની પેરે કરવું, પણ એટલું વિશેષ જે આઠ આઠ ઠામે સ્થાનકે છઠ્ઠ કરવી તથા પદકના ચોત્રીશ છઠના સ્થાનકે એકેક ઉપવાસ કરવો, એ તપ શુક્લ પક્ષથી પ્રારંભ કરાય છે. ॥ ઇતિ ॥

૯૫ દશ પ્રકારે યતિધર્મ તપ – શુક્લ પક્ષે એકાતરે દશ ઉપવાસ કરવા દેવપુજા કરવી. સાધુને છ વિગયનું દાન દેવું. સાધુ ભક્તિ કરવી ઉજમણે જીન પુજા પુર્વક સાધુના ઉપગરણ ઢોકવા. ગુણણાંનો મંત્ર ૐ હ્રીં નમો ચારિત્રસ્સ–સાથીયા–૭૦–ખમાસમણ ૭૦–કાઉસગ્ગ ૭૦, નવકારવાળી ૨૦ ગણવી ॥ ઇતિ ॥

૯૬. ચતુર્વિધ શ્રી સંઘ તપ –પ્રથમ બે ઉપવાસ કરીને પછી એકાતરે ચાડ ઉપવાસ કરવા, ઉજમણે શ્રી જીનપુજા પુર્વક શ્રી ચતુર્વિધ શ્રી સંઘની પુજા ભક્તિ પહેરામણી પ્રમુખ કરવું ગુણનાનો મંત્ર ૐ હ્રીં નમો તીથસ્સ સાથીયા ૨૦. ॥ ઇતિ ॥

૯૭ નિર્વાણ દીપક તપ:– એ તપ ત્રણ વર્ષ પર્યંત પ્રત્યેક દીવાલીયે ચાદસ તથા અમાવાસ્યાયે મળી બે બે ઉપવાસ કરવા, એવ ॥ ઉપવાસ થાય અહોરાત્ર શ્રી વીર આગલ ઘૃતનો દીપક સુર્યાસ્તથી ઉદય અને ઉદયથી અસ્ત પર્યંત કરવો. રાત્રિ જાગરણ કરવું, ઉજમણે સર્વજિનનું સ્નાત્ર કરવું સાધુને દાન આપવું, એ તપ કરનાર જન્માન્તરે પણ અંધ થાય નહીં. ગુણનાનો મંત્ર શ્રી મહાવીર સ્વામિ સર્વજ્ઞાય નમઃ નો૦ ૨૦–ગણવી સાથીયા ૨૪. લોગસ ૨૪–ખમાસમણ ૨૪ ॥ ઇતિ ॥

॥ ૨૦ ॥

૯૮. ધનતપ—વિધિ. ઉ ઉદ્યોત ધનતપમાં પ્રથમ એક ઉપવાસ, પછી બે ઉપવાસ, પછી એક, પછી બે, પછી ત્રણ, પછી એક વળી એક પછી બે, એમ બાર ઉપવાસ અને આઠ પારણાં વડે વીસ દિવસે આ તપ પૂર્ણ થાય, જિન ભક્તિપૂર્વક તપ કરવું; એકંદર વીસ ડિસ્કા. એવી રીતે ત્રિપર્યંતાદિક અનેક પ્રકારે ધનતપ કરવું એનાથી સર્વે ભાવનાઓ સિદ્ધ થાય. ઇતિ ॥

૯૯. આંબીલતપ—એક ઉપવાસ કરીને પારણું કરવું. પછી બે ઉપવાસ કરીને પારણું કરવું, ત્યારે ત્રણ ઉપવાસ અને બે પારણાં પ્રથમ શ્રેણિયે પાંચ. બીજી શ્રેણિયે એક, બે, ત્રણ; ત્રીજી શ્રેણિયે એક બે, ત્રણ, ચાર, ચોથી શ્રેણિયે એક, બે, ત્રણ, ચાર, પાંચ. પાંચમી શ્રેણિયે એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ. છઠ્ઠી શ્રેણિયે એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત. એમ છ શ્રેણિના ઉપવાસ ૮૪ અને પારણાં ૨૭ મળી ૧૧૦ દિવસ તપ પૂરો થયા પછી ઉજમણું કરવું અને પૂર્ણ ધનતપ કરવું અને ગુરુપૂજન નિમિત્તે કરવી. ॥ ઇતિ ॥

૧૦૦. વર્ગતપ—એક, બે, બે, એક, બે, એક, એક, બે, એ બાર ઉપવાસે પ્રથમ ઓળી જાણવી. પછી

૨, ૧, ૧, ૨, ૧, ૨, ૨, ૧. એ બીજી પંક્તિ જાણવી. પછી ૨, ૧, ૧, ૨, ૧, ૨, ૨, ૧. એ ત્રીજી પંક્તિ જાણવી. પછી
૧, ૨, ૨, ૧, ૨, ૧, ૧, ૨, એ ચોથી પંક્તિ જાણવી. પછી ૧, ૨, ૨, ૧, ૨, ૧, ૨, ૨, એ પાંચમી પંક્તિ જાણવી. પછી
૧, ૨, ૨, ૧, ૨, ૧, ૧, ૨. એ છઠ્ઠી પંક્તિ જાણવી. પછી ૧, ૨, ૨, ૧, ૨, ૧, ૧, ૨, એ સાતમી પંક્તિ જાણવી. પછી
૨, ૧, ૧, ૨, ૧, ૨, ૨, ૧. એ આઠમી પંક્તિ જાણવી.

એ ત્રિપર્યંત વર્ગ તપોદિન ૬૪ અને પારણાં સોળ સર્વ મળી આઠ માસ ને દિન દશ માહેં ઉજમણું જિન પૂજા કરવી, એકેક ૧૬૦ ડિસ્કા. ઘણું અને સંઘનું વાત્સલ્ય કરવું. ઇતિ ॥

૧૦૧. પરતપાડી તપ—ચૈત્ર વદિ પાંચમ શ્રીવીરકલ્યાણકથી બાર ઉપવાસ કરવા, પછી ગળીયાં ચીરી કરી [illegible] ઉપવાસ વર્ષે કરવા. વર્ષ વર્ષ પ્રત્યે એક માહની તાપણી સ્થાને પાલિ કરીને તેમાં વિવિધ યુક્તિ યુત ઘેર એક મૂકીને ડીકરું.

૧૦૨. ત્રિપર્યંત ધનતપ—૧, ૨, ૩, એ પ્રથમ પંક્તિ, ૨, ૧, ૩, એ બીજી પંક્તિ, ૩, ૨, ૧, એ ત્રીજી પંક્તિ, ૧, ૩,

૨, એ ચોથી પંક્તિ ૨, ૩, ૧, એ પાંચમી પંક્તિ, ૩, ૨, ૧, એ છઠ્ઠી પંક્તિ, ૧, ૨, ૩. એ સાતમી પંક્તિ, ૩, ૨, ૧, એ આઠમી પંક્તિ, ૨, ૩, ૧, એ નવમી પંક્તિ, સરવાળે તપ દિન ૫૪, પારણાં ૨૭, સર્વ દિન ૮૧ ઉજમણે સાધુની ભક્તિ તથા શ્રીસંઘની ભક્તિ કરવી. ઇતિ ॥

૧૦૩. લાખી પડવે તપઃ—શ્રી વર્દ્ધમાનના શિષ્ય ગૌતમનું ઉપવાસાદિકે કરી આરાધન કરવું. કાર્તિક સુદી એકમને દિવસે એ તપ કરવું. તે પ્રત્યેક પ્રતિ વરસે એક વર્ષ પર્યંત કરવું. ઉજમણામાં ચોખા માણુ પાંચ અને પાશી બે, તથા મગ અધએક, અને પાશી બે, મા સર્વ એક ઉપર પાશી બે, અડદ માણુ પાંચ, જવાર માણુ છ અને પાશી બે, ગોધુમ સઈ બે, ચોળા સઈ ત્રણ, ચણા સઈ પાંચ, તિલ પાશી સાત, જવ સઈ સાત, વાલ સઈ આઠ, કાંગ માણાં ત્રણ, કોદ્રવા માણા ત્રણ ઢોકવાં. યથાશક્તિ દાન પૂજા વગેરે કરવાં. ॥ઇતિ॥

૧૦૪. અક્ષય દશમિ તપ -પ્રત્યેક વર્ષની ભાદરવા સુદિ દશમીના દિવસે યથાશક્તિયે ઉપવાસાદિક કરીને અંબિકા દેવી પાસે સંગિતાદિકથી રાત્રિ જાગરણ કરવું. નાલિયેર, કેરી, મોદકાદિક અંબાજી પાસે ઢોકવાં. બીજે દિવસે સાધર્મિકને જમાડી સાધુને દાન આપી પારણું કરે, અંબા દેવીને કંકુની પીઠ કરી, અંજન કરવું, તેમ પોતાને પણ અંજન કરવું, અને રેશમી ચરણી રેશ, કાંચળી; ચંદુઓ, તથા ચણુ દેવીને ચડાવીયે. દીપક કરવા, તપ કરવું, તે દિવસે બ્રહ્મચર્ય પાળવું. એમ દશ વર્ષ પર્યંત કરવું. તેમાં એટલું વિશેષ જે ફલાદિક પહેલા વર્ષે ચડાવીયે, તે કરતાં બીજે વર્ષે બમણા ત્રીજે વર્ષે ત્રિગુણા એમ યાવત્ દશમે વર્ષે દશ ગુણાં ઢોકવાં. ॥ઇતિ॥

૧૦૫. હાર તપ -પ્રથમ બે ઉપવાસ કરીને પછી એકાસણાં તરિક ઉપવાસ સાત કરવા, વળી ઉપવાસ ત્રણ કરીને ફરી એકાસણા તરિત ઉપવાસ સાત કરવા, પ્રાંતે ઉપવાસ બે કરવા. એવં તપો દિન ચોવીશ અને પારણાં સત્તર થાય. ઉજમણે સુવર્ણ, માણિક્ય, પ્રવાલ વિદ્રુમ, રત્ન, મોતી, પાંચ ફાટિકા સંયુક્ત હાર શ્રી વર્દ્ધમાન જિન આગળ ઢોકવો, અથવા ટંકાવલી આભૂષણ શ્રી મહાવીરને કંઠે પહેરાવું. ॥ ઇતિ ॥

૧૦૬. અષ્ટકર્મોત્તર પ્રકૃતિ તપઃ—આઠ કર્મમાં જ્ઞાનાવરણીયની ઉત્તર પ્રકૃતિ પાંચ, દર્શનાવરણીયની નવ, વેદનીયની બે,

વેદનીયની આઠાવીશ, આયુકર્મની ચાર, નામ કર્મની એકસોને ત્રણ, ગોત્રકર્મની બે, અંતરાય કર્મની પાંચ, સર્વ મળી ૧૫૮ પ્રકૃતિના ૧૫૮ ઉપવાસ એકાશનાંતરે કરવા. એટલે એક ઉપવાસ પછી એક એકાસણું એમ ૧૫૮ ઉપવાસે એક ઓળી થાય. તેવી આઠ ઓળી કરવી. ઉજમણે એકસો આઠવન વસ્તુ તથા ૧૫૮ મોદક ઢોકવા. જ્ઞાનની પૂજા કરવી, સાધુને દાન આપવું. ઇતિ ॥

૧૦૭. ઋષભ સંવત્સરી તપ:—એકાશનાં તરિત ૩૬૦ ઉપવાસ કરવા, ઉજમણે રૂપાંનો ઘટ ગોત્રડીના રસથી ભરીને દેવ આગળ ઢોકવો અને બાવના ચાવીશ તીર્થંકર આશ્રયી ૨૪૦ ઉપવાસ એકાશનાંતરિત કરવા. ગુણનાનો મંત્રઃ શ્રીઋષભદેવ સ્વામીનાથાય નમઃ નોકારવાળી ૨૦ ગણવી. સા૦ ૧૨. લો૦ ૧૨ ખમાસમણ. ૧૨ ॥ ઇતિ ॥

૧૦૮. અષ્ટમાસિક તપ:—એમાં એકાશનાંતરિત ૨૪૦ ઉપવાસ કરવા, ઉજમણે ૨૪૦ મોદક ઢોકવા ॥ ઇતિ ॥

૧૦૯. ષટ્માસિક તપ:—એકાશનાંતરિત યથાશક્તે ૧૮૦ ઉપવાસ જેવી રીતે નિર્વાહ થાય તેવી રીતે કરવા, ઉદ્યાપનને વિષે ૧૮૦ મોદક ઢોકવા ॥ ઇતિ ॥

૧૧૦. ક્ષીરસમુદ્ર તપ:—એ તપ પર્યુષણ પહેલાં આદરીએ એકાસણાં આઠ, ઉપર એક ઉપવાસ કરવો. ઉજમણે ખીર, ખાંડ અને ઘૃતે ભરેલો થાલ ઢોકવો, સાધર્મિકનું વાત્સલ્ય, સાધુને દાન તથા જ્ઞાન પૂજા કરવી. ॥ ઇતિ ॥

૧૧૧. સાત સૌખ્ય, આઠ મોક્ષ તપ:—એકાસણાં સાત કરી ઉપર એક ઉપવાસ કરીએ, ઉજમણે આઠ મોદક અર્પણ કરવા તેમાં આઠમો મોદક સનુર્ગુણો કરવો સોનાનો ઢોકવો, જ્ઞાન પૂજા કરવી. ॥ ઇતિ ॥

૧૧૨. મતાંતરે ઘન તપ:—દ્વિપર્યંત દિન બાર, પારણાં આઠ, સર્વ દિન વીશ ત્રિપર્યંત દિન ચોપન, પારણાં સત્તાવીશ, સર્વ દિન એકાશી ચતુઃ પર્યંત દિન ૧૬૦; પારણાં ૬૪, સર્વ દિન ૨૨૪. પંચ પર્યંત ઘન તપ દિન ૩૭૫ પારણાં ૧૨૫ સર્વ દિન ૫૦૦, ષટ્ પર્યંત દિન ૬૪૮ ને પારણાં ૨૧૬, સર્વ દિન ૮૬૪, પારણાંનીવિધી કરવાં. ॥ ઇતિ ॥

૧૧૩. અંબિકા તપઃ—પાંચ કૃષ્ણ પંચમીયે શ્રીનેમીશ્વર પૂજા પૂર્વક અંબિકાની પૂજા કરી યથાશક્તિયે એકાશનાદિક તપ કરવું. નૈવેદ્ય તથા ફલ ઢોકવાં, ઉજમણે સાધુને નવાં વસ્ત્ર, અન્ન, પાન આપી પ્રતિલાભવા અંબાની મૂર્તિ બે પુત્ર સહિત તથા આમ્રવૃક્ષ સહિત કરાવવી પછી તેનુ પૂજન કરવું. ॥ ઇતિ ॥

૧૧૪ શ્રુતદેવતા તપ—શુક્લપક્ષની એકાદશીને દિવસે ઉપવાસ કરવો, એવી અગીયાર એકાદશી પર્યંત કરવો. જે દિવસે તપ કરવું તે દિવસે મૌન રહેવુ, શ્રુત દેવતાની પૂજા કરવી, ઉજમણે પૂજા પરિધાપનિકા કરવી. પોતાને ઘેર-શ્રુત દેવતાની મૂર્તિ પ્રતિષ્ઠિત કરીને પૂજવી, છવિગય ઢોકવા ॥ ઇતિ ॥

૧૧૫. માણિક્ય પ્રસ્તારિકા તપ —આશો શુદિ અગીયારશે ઉપવાસ. બારસે એકાસણું, તેરસે નીવી, ચૌદશે આયંબિલ, પૂનમે ઉપવાસ કરવો એ પ્રથમ રીતિ કહી હવે બીજી રીતિ કહે છે આશો શુદિ બારસે આયંબિલ, તેરશને દિવસે નીવી, ચૌદશે એકાસણું અને પૂર્ણિમાયે પણ એકાસણું કરવુ તે પૂનમને દિવસે પ્રભાતે સૂર્યોદય થયા પહેલા પ્રાતઃકાલમાં સ્નાન કરીને પોતાના હાથના ખોબામાં ભૂષણ, એક નાલિયેર અક્ષત લઇને મહોત્સવપૂર્વક જિન પ્રાસાદને વિષે પ્રથમ પ્રદક્ષિણા કરીને જિનવર પાસે ખોબામાં રહેલી સર્વ વસ્તુ ઢોકવી. બીજી પ્રદક્ષિણામાં નાલિયેર ઢોકવુ. ત્રીજી પ્રદક્ષિણામાં સપત્ર સૂગીફલ ઢોકવુ, ચોથી પ્રદક્ષિણામાં છકડો ઢોકવો. સાત ધાન્ય ઢોકવાં તથા લવણ, કાંપડ, કુંકુમ કપાસ, સુહાલી ૧૦૮, બેહડુ એક, એકડો સોલ દીવા કરવા રૂપાનુ કોડિયું અને સોનાની વાટ કરાવવી. ॥ઇતિ॥

૧૧૬. અંગોપાંગશોધિત તપ —આયંબિલ ત્રણ, નીવી ત્રણ, એકાસણા ત્રણ અને ઉપવાસ એક કરવો. ઉજમણે તેર મોદક પૂરતા આગલ ઢોકવાં ॥ ઇતિ ॥

૧૧૭. સિદ્ધિવધુકંઠાભરણ તપઃ—પ્રથમ બે ઉપવાસ, પછી એક, ત્રણ, એક, બે, એમ નવ ઉપવાસ કરી ઉજમણે નવ મુક્તાફલ ઢોકવાં, જ્ઞાન ભક્તિ કરવી ॥ ઇતિ ॥

૧૧૮. પદ્દકડી તપઃ—પ્રથમ એક ઉપવાસ, ...

પરવાળા ઢાકવાં. ॥ ઇતિ ॥

જિન જન્મ કલ્યાણકથી આરંભીને એકાંતરાદિ ઉપવાસ તેમ દીક્ષાદિકલ્યાણક પણ કરિયે. જેમ છેલ્લો

૧૧૯. કલ્યાણિક તપઃ—ઉજમણે થાલ ચોવીશ, પહેરામણી ચોવીશ, નાડુંઓ ચોવીશ, તિલક ચોવીશ ઢાકવાં. ॥ઇતિ॥

ઉપવાસ કલ્યાણક તિથિએ આવે, તેમ કરિયે. શ્રીઆદિશ્વરનું, જન્મકલ્યાણક એવા છ ઉપવાસ એવી રીતે કરીયે, કે જે વર્ષે મેરૂકલ્યાણક

૧૨૦. મેરૂ કલ્યાણક તપઃ—પારણે પારણે બિયાસણું કરીયે, પછી વળી લાગટ એકાંતરે ઉપવાસ છ કરીયે. જો

કરીયે તે વર્ષે પ્રથમનો લાગટ ત્રણ તેલાં કરીયે, અને પાછી મેરૂ કલ્યાણક મહા શુદિ માએ ત્રીજું તેલું તેહીજ વર્ષે કરે.

ત્રણ તેલાં પહેલાં કરી શકે નહીં, તો પહેલાં બે તેલાં કરીને શ્રીરૂષભદેવ સ્વામિ પારંગતાયનમઃ ગણીયા. ૧૨.

ઉજમણે જિન પૂજા પૂર્વક સુવર્ણમય મેરૂ જીન ઘડે ઢાકવો. ગુણણાનો મંત્ર—

ખમાસમણા ૧૨, લોગસ, ૧૨, નવકારવાળી ૨૦ ગણવી. ॥ ઇતિ ॥

૧૨૧. અશોકવૃક્ષ તપઃ—આસો માસે ઉપવાસ પન્નર, એકાસણાં પન્નર કરીયે, ઉજમણે અશોક વૃક્ષ કરાવીયે. ॥ ઇતિ ॥

૧૨૨. ચાંદ્રાયણ તપઃ—શુક્લ પડવાથી આરંભીને દિન પન્નર સીમ એકેક ઉપવાસ અને એકેક આયંબિલ કરીયે. ઉજમણે

વાડુ પન્નર તથા રૂપાનો ચંદ્ર આપીયે. ॥ ઇતિ ॥

૧૨૩. નિગોદસ્ફૂ તપઃ—પ્રથમ એક ઉપવાસ ને એકાસણું, પછી બે ઉપવાસ ને એકાસણું, પછી ત્રણ ઉપવાસ ને એકાસણું,

ફરી બે ઉપવાસ ને એકાસણું, વળી એક ઉપવાસ ને એકાસણું. ઉજમણે ચૌદ મોદક આપવા. એથી નિગોદાયુ ક્ષય થાય. ॥ ઇતિ ॥

૧૨૪. સૌભાગ્ય સુંદર તપઃ—એક ઉપવાસ અને એક આયંબિલ એમ બત્રીસ દિવસ કરવાથી તપ પૂર્ણ થાય. ॥ ઇતિ ॥

૧૨૫. ચતુઃષષ્ટિ તપઃ—એક એકાસણું, એક આયંબિલ, એમ બત્રીશ દિવસ કરવાં, એકાસણે ફાસુ પાણી ત્રિવિહાર

પચ્ચખ્ખાણ કરવું. ॥ ઇતિ ॥

૧૨૬. **અષ્ટાહ્નિકા તપઃ** એમાં એકેક જિન આશ્રયી પાંચ કલ્યાણિક આશ્રયી ચાલીશ ચાલીશ એકાસણા કરતાં ચોવીસ જિનનાં ૯૬૦ એકાસણાં થાય, ઉજમણું પકવાન્ન ચોવીશ, તિલક ચોવીશ, ઢોકવા, અને સંઘ પૂજા કરવી. ॥ ઇતિ ॥

૧૨૭. अथ पंचरंगी तपनी विधी–मायडा तथा चायडीयो विगेर कोर चायडीयो ५५ मायडा १० जोइए ॥

૧—**પહેલે દહાડે**, ૫-જણા. ૫-ઉપવાસ કરે તે પ્રથમ દિવસે "મતીજ્ઞાયનમ" એ ગુણણાની, ૨૦-નોકારવાલી ગણી, ૨૮-લોગસનો કાઉસગ્ગ, ૨૮-સાથીયા, ખમાસમણ, ૨૮-પ્રદક્ષિણા. ૨૮-ફળ, ૨૮-મુકે.

૨—**બીજે દિવસે**, બીજા પાંચ જણાં ચાર ઉપવાસના પચ્ચખ્ખાણ કરે, તેપાંચ મનુસ્યો અને પ્રથમ પાંચના કરેલા છે તે ૧૦ જણા "શ્રુતજ્ઞાયનમઃ" એ ગુણું ૨૦ નોકારવાલી ગણે ચૌદ લોગસ્સનો કાઉસગ્ગ કરે, ચૌદ સાથીયા, ચૌદ ખમાસમણ, ચૌદ પ્રદક્ષિણા, અને ચૌદ ફલ મુકે.

૩—**ત્રીજે દિવસે**, પાંચ જણા ત્રણ ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે. તેપાંચ અને પ્રથમના પાંચ પાંચ મલીને પંદર "अवधिज्ञायनम." એ નામની વીશ નોકારવાલી ગણે, ૭ લોગસ્સનો કાઉસગ્ગ, ૬-ખમાસમણ, ૭ પ્રદક્ષિણા, ૭ ફલ મુકે.

૪—**ચોથે દિવસે**, પાંચ જણા બબ્બે ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે. "मन:पर्यवज्ञानायनम." એ ગુરણાની વીશ નોકારવાલી ગણે. પંદર પ્રથમના અને પાંચ મલી ૨૦ જણા. ૨-લોગસનો કાઉસગ્ગ કરે. ૨-સાથીયા, ૨-ખમાસમણ ૨-પ્રદક્ષિણા, ૨-ફલ મુકવા.

૫—**પાંચમે દિવસે** પાંચ જણા એકેક ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે ઉપરનાં વીશ, અને આ પાંચ મલી, ૨૫ જણ "केवल ज्ञानायनम." એ ગરણાની વીશ નોકારવાલી ગણે. એક લોગસનો, કાઉસગ્ગ, એક સાથીયો, એક ખમાસમણ, એક પ્રદક્ષિણા, અને એક ફલ.

એ પાંચે દિવસે એકેકી જ્ઞાનપદની પૂજા ભણાવવી. જ્ઞાનની આગળ "अन्नाण संमोह तमोहरस्स" એ પૂજા નવ પદની ભણાવવી.

તપાવલી ॥ ૨૩ ॥

[illegible] ગુપ્ત દેરાસરજીમાં જાણવી. ઇતિ શ્રેયઃ
[illegible] પંચમીની વિધી પ્રમાણે કરવું. ॥ ઇતિ ॥

૧૩૮ શ્રી વીશ ભગવાનની અવિચાર મણકાનું ગણણું તથા તેનો તપ કેવી રીતે કરવો તે કહે છે.

૧—[illegible] સર્વજ્ઞાય નમઃ ૨—[illegible] સર્વજ્ઞાય નમઃ ૩—[illegible] સર્વજ્ઞાય નમઃ
૪—[illegible] સર્વજ્ઞાય નમઃ ૫—[illegible] સર્વજ્ઞાય નમ ૬—[illegible] સર્વજ્ઞાય નમઃ
૭—[illegible] સર્વજ્ઞાય નમ ૮—[illegible] સર્વજ્ઞાય નમ ૯—[illegible] સર્વજ્ઞાય નમઃ
૧૦—[illegible] સર્વજ્ઞાય નમ ૧૧—[illegible] સર્વજ્ઞાય નમ

[illegible]

[illegible] ૧૧ ઉપવાસ, અથવા ૧૧ [illegible] કરી આગળના ઉજમણું ગુરૂને
૧૧ [illegible] ૧૧ [illegible] તથા [illegible] ॥ ઇતિ ॥

૧૩૯ [illegible] ૧૩ કાઉનું ગુણણું

૧ [illegible] નમ [illegible] ૨ [illegible] નમ તે [illegible] ૩—શ્રી[illegible] નમઃ તે, ૧
૪ [illegible] નમ તે ૧ ૫ [illegible] નમ તે, [illegible] ૬—શ્રી[illegible] નમ તે, ૧૯—
૭ [illegible] નમ તે ૧[illegible] ૮—શ્રી[illegible] નમ તે ૧૩ ૯ શ્રી[illegible] તે.[illegible]—
૧૦ [illegible] તે [illegible]— ૧૧ શ્રી[illegible] નમ તે, [illegible]— ૧૨—શ્રી[illegible] તે.[illegible]—
૧૩—[illegible] તે [illegible]—

ઇતિ [illegible] ગુણણું સમાપ્ત.

સાતા તપઃ તથા તનુ ગુરણું

૧૩૦ શીતાતપઃ ઉપવાસ ૧. નિમ્નાતનુ ૧, આયબિલ ૧. એકાસનુ ૧. આયબિલ ૧ ઉપવાસ ૧. ગુરણું ગણવાની વિધી "નમો લોઢાણં" ખમાસમણ, ૮ લોગસ્સ, ૮ નાશીયા. ૮ ફુલ. ૮ એ પ્રમાણે ગણવુ. ॥ ઇતિ ॥

૧૩૧ **અક્ષયનિધિ તપની વિધિ** અક્ષયનિધિ તપ શ્રાવણ વદ ૪ ને દિવસે આદરવુ એકકુભ સોવર્ણ તથા રૂપાનો તથા એક રત્નનો શક્તિ પ્રમાણે આસામી દિ ૧ કુભ પવિત્રપણે એક તે ગુપ્ત ભુમિ ઉપર થાપિએ. ડાગરના ઢગલા ઉપર થાપિને તે કુભ ઉપર સાથીઓ, ૧-મુકિએ પછી પીઢિકા, ૧ રચીયે તે ઉપર કલ્પસુત્રની પ્રત રૂમાલે વીંટિને મુકિએ. પછી ધુપ દીપ કરીને જ્ઞાનની પુજા ભણાવિએ નવપદનાપંથી "અન્નાણુસમ્મોહતમો હરસ્સ" એપૂજા સંપૂર્ણ ભણાવવી. પછી વાસક્ષેપથી કલ્પસુત્રની પુજા કરવી તે શાકિ ઉપર ચંદરવો તોરણ સુદ્ધા બાંધવો. પછી નિર્મલ ચોખા બેહાથે ખમતી ભરીને ઉપર નાખતો ૧ મુકવી. કુભના ગાજુબાજુ તે જ્ઞાનની સ્તુતિ કરી તે ઘડામા નાખીએ. પછીવીસ ખમાસમણ દેવા; સ્ત્રી કહેવી તે ગાથા કહીને દીજે ભાવ૨...ની નિત્યનમુ ભાવમ ગલનેકાજ । પુજનઅર્ચનદ્રવ્યથી,પામુ અવીચલરાજ ॥ ૧ ॥ ને દુહો પ્રત્યેક ખમાસમણ દિઇ કહેવે. એ રીતે ખમાસણ વિસ દેવા. પછી "**શ્રુત દેવી આરાધનાર્થ** " કરેમિ કાઉસ્સગ્ગં ૧૨ ઇ૦ કરેમી કાઉસ્સગ્ગ. અન્નથઉસસિયેણ એમ કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી **સુઅદેવયા ભગવઈ** એ થોય કહેવી. પછી ૐ હ્રીં **નમોનાણસ્સ** એ પદની નોકારવાળી વીશ ગણવી છેલ્લે દિવસે રાત્રિ જગો કરવો. પ્રભાવના પુજા કરાવે. પારણાને દિવસે વડા આડંબરેથી વરઘોડો ચડાવવો મુખ્ય જે હોય તેના ઘરના છોકરાને ઘોડા હાથી ઉપર બેસાડીએ. હાથમાં પુસ્તક આપીને તથા નૈવેદ્ય શક્તિ પ્રમાણે આપીએ અને જ્ઞાનના આગલ પણ નૈવેદ્ય મુકીએ. પછી પોતપોતાના કુંભ ઉપર છેલ્લે દિવસે ચોખા નાખીને સંપૂર્ણ ભરવો તેના ઉપર લીલો તથા પીળો તારનો નાડાછડીથી બાંધવો. ફુલની માલા કુંભ ઉપર

તપાવલી ॥ ૨૪ ॥

પહેરાવવી. સૌભાગ્યવંતી સ્ત્રીયાને શણગાર પહેરાવ કુંભ ઉપડાવી તે વરઘોડા સાથે ફરી શ્રીદેરાસર જઇને કુંભ મુકિએ. એ કુંભવાલી સ્ત્રી પ્રભુને પ્રદક્ષિણા, ૩-દઇને નૈવેદ્ય પ્રભુજી આગલ મુકિએ. પુસ્તક ગુરૂને ઠેકાણે પધરાવવું. ગુરૂને પૂજન કરવું. શ્રાવણ વદ, ૪-થી તે ભાદરવા શુદ, ૪-સુધી એકાસણાં કરી ને એવ્રત કરવું. પ્રતિક્રમણ બે ટંકના કરવાં. ભૂમી સંથારો કરવો. શીયલ પાલવું, ક્રોધ કરવો નહીં. પ્રસન્ન ચિત્તે રહેવું. જેટલાં જણા એ વ્રત કરે તેટલા ઘડા જુદા જુદા જોઇએ. મોટા કુંભને શીત્રાગણ કઢાવીએ. એવી રીતે ચાર વર્ષ પર્યંત કરવું એટલે ૬૪ દિવસે એ તપ પૂર્ણ થાય. ॥ ઇતિ અક્ષયનિધિ તપની વિધી સંપૂર્ણ ॥

૧૩૨. **" અથ શ્રી ચંદનબાળાનાં અઠ્ઠમ તપનો વિધી "**—જેને ચંદનબાળાનો અઠ્ઠમ કરવો હોય તે જેઠ શુદ આઠમથી અઠ્ઠમ આદરે. અને જેઠ શુદ એકાદશીને દિવસે સોળા અડદનાં બાકળા સાધુને પ્રતિલાભીને ગઝવિહારનું આયંબિલ કરવું. તેનું ગુણણું " મહાવીરસ્વામિનાથાયનમઃ " એ પદની ૨૦ નવકારવાળી ગણવી. બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ, બાર ખમાસમણ, બાર પ્રદક્ષિણા, અને બાર ફલ મુકવાં. તિથિ વધઘટ હોય તો જેઠ વદ પડવો, પહેલાં પાંચ દિવસ ઊણાં; ચંદનબાળાના અઠ્ઠમનું પારણું કરવું. વિશેષ વિધિ ગુરૂગમથી જાણી લેવી. ॥ ઇતિ ॥

૧૩૩. **" સત્તરિસય જીન તપની વિધી "**—એકેકા જીન પ્રત્યે ૧૭૦ એકસો સિત્તેર દિવસ સુધી એકેક એકાસણાનો તપ કરવો. ઉજમણે ૧૭૦ લાડુ-૧૭૦ પકવાન-૧૭૦ ફળ મુંકવા. તેનું ગુણણું. **"નમો સિદ્ધાણં"** એ પદની ૨૦ નવકારવાલી ગણવી. આઠ લોગસ્સનો કાઉસ્સગ્ગ-આઠ ખમાસમણ-આઠ પ્રદક્ષિણા દેવી-તથા આઠ ફલ મુકવાં. ॥ ઇતિ ॥

૧૩૪. **ફાલ્ગુનાષ્ટમી તથા દશમનો તપઃ**— ફાગણ શુદ આઠમે ચઉ વીહાર ઉપવાસ, શ્રીરૂષભ દેવની પૂજા, શ્રીસિદ્ધાચલે " શ્રીરૂષભનાથાયનમઃ " ૨૦૦૦ ગુણણું ગણવું, આઠમે ભવેમોક્ષ જાયે, ફાગણ શુદ દશમે ચઉ વીહાર ઉપવાસ, શ્રીરૂષભ દેવની પૂજા " શ્રીદ્રાવીડવાલિખિલાયનમઃ " એ પદનું ૨૦૦૦ બે હજાર ગુણણું ગણવું. ॥ ઇતિ ॥

૬ ૐ ह्रीँ અપમત્તચારિણં નમઃ	૩૬—૩૬—૩૬—૨૦	૧૦ ૐ ह्रीँ સુમઇનાણ ધારિણં નમઃ	૨૧—૨૧—૨૧—૨૦
૭ ૐ ह्रीँ દાણલબ્ધી સંપન્નેણં નમઃ	૧૧—૧૧—૧૧—૨૦	૧૧ ૐ ह्रीँ લબ્ધીજુત્તાણં નમઃ	૧૫—૧૫—૧૫—૨૦
૮ ૐ ह्रीँ ભવિયબલયાણં નમઃ	૬૭—૬૭—૬૭—૨૦	૧૨ ૐ ह्रीँ અપ્પાકમસંવરધારિણં નમઃ	૧૩—૧૩—૧૩—૨૦
૯ ૐ ह्रीँ વિજયસોગાણં નમઃ	૫૧—૫૧—૫૧—૨૦	૧૩ ૐ ह्रीँ અર્હંપવયણજણાણધારિણં નમઃ	૬૧—૬૧—૬૧—૨૦

હવે વિધિ લખીએ છીએઃ—પ્રથમ અઠ્ઠમનો તપ કરી પારણે લાપશીનું એકાસણું-બીજા અઠ્ઠમનો તપ કરી પારણે ઘઉંના રોટલાનું એકાસણું-ત્રીજા અઠ્ઠમને પારણે દૂધ ચોખાની ખીરનું એકાસણું-ચોથા અઠ્ઠમને પારણે અહંકાર મૂકી પરઘર જઇ એકાસણું કરવું-પાંચમા અઠ્ઠમને પારણે પરઘેર જવું તે કહે એકાસણું કરો તો એકાસણું કરવું-છઠ્ઠા અઠ્ઠમને પારણે બે વાટકા મધ્યે એકમાં ઘી ભરી મૂકીએ. બીજામાં પાણી ભરી બન્નેને ઢાકીયે. તેમાંથી એક વાટકો અજાણ્યાં માણસ પાસે ઉપડાવવો. જે તે ઘીનો વાટકો ઉપાડે તો એકાસણું કરવું અને પાણીનો ઉપાડે તો તે દિવસે આયંબિલનો તપ કરવો. સાતમા અઠ્ઠમને પારણે છ ઘરની ભિક્ષા માગવી અને એક પોતાનું ઘર એમ સાત ઘરની ભિક્ષા કરી એકાસણું કરવું-આઠમા અઠ્ઠમને પારણે ચંદનબાલાની પરે પગમાં બેડી નાખી મુનિને પડિલાભીવંદના કરીને પછી બીજાને હાથેથી લેઇ અડદનાં બાકુલાનું આયંબિલ કરવું-નવમાં અઠ્ઠમને પારણે રોટલી તથા પૂરીનું ભુંગળું વાળીને એકાસણું કરવું-દસમા અઠ્ઠમને પારણે જે સુખડી મલે તે ખાવી રાંધેલું ખાવું નહીં-એકાસણ કરવું-અગીયારમાં અઠ્ઠમને પારણે મેવા દ્રાક્ષ ખારેક કાજુ બદામ આદિ પરચુરણ મેવો ખાઇએ એકાસણું કરવું. પણ અભક્ષ હોય તે ખાવું નહીં-બારમાં અઠ્ઠમને પારણે દેશી ધોએલી ખાંડનું સરબત પીવું. ચોમાસામાં કાચી ખાંડ ખાવી નહી. એકાસણું કરવું.

વર્ણન કરવું. બ્રહ્મચર્ય પાળવું. ॥ ઇતિ ॥

૧૩૮. " રત્ન પાવડી તપઃ " આસો શુદિ બારશ પુનમે છઠ્ઠ કરવા. અને ચૈત્ર શુદિ બારશ પુનમે છઠ્ઠ કરવાં. એવી રીતે બાર વર્ષ બારશ પુનમના છઠ્ઠ કરતાં થકાં આઠ છઠ્ઠ સંપૂર્ણ કરવા તેનું ગુણણું-બારશને દિવસે "નમો અરિહંતાણં" સાથિયા ૭૦-ખમા-૭૦ લોગસ્સ-૭૦ નો કાઉસ્સગ્ગ-૭૦ પ્રદક્ષિણા અને વીસ નવકારવાળી ગણવી. પુનમને દિવસે "ૐ હ્રીં નમો તવસ્સ" ખમા-૧૨-સાથીયા ૧૨-લોગસ્સ-૧૨-પ્રદક્ષિણા-૧૨-અને નવકારવાળી-૨૦-ગણવી-પાંચમા વર્ષની ઓળી મધ્યે ગઇ તેરસ-બારશ પુનેમનો અઠ્ઠમ કરવો. તેરસને દિવસે "ૐ હ્રીં નમો નાણસ્સ" એ પદની-નવકારવાળી ૨૦-૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ ૫૧-ખમા ૫૧ પ્રદક્ષિણા ૫૧ સાથીયા-બારસને તથા પુનમને દિવસે પ્રથમ જેવી રીતે વિધિ લખ્યો છે તે પ્રમાણે સર્વ વિધિ જાણી લેવો. ઉજમણું નવપદજીની ઓળીની વિધિ પ્રમાણે કરવું. એવી રીતે રત્ન પાવડી તપ કરવો. ॥ ઇતિ ॥

૧૩૯. **અથ શ્રી સિદ્ધાચલજીની ૧૦૮ ટુંકના તપની વિધિઃ તથા ગુણણું:** વિધિઃ તે ટુંકને નામે અઠ્ઠમ છઠ્ઠ તથા વૈરાગ્ય શક્તિ અનુસારે કરે. ૧૦૮ સાથીયા-૧૦૮ બદામ ૧૦૮ ખમાસમણ-૧૦૮ પ્રદક્ષિણા-૧૦૮ લોગસનો કાઉસ્સગ્ગ. ટુંકને અનુક્રમે ગુણણું નવકારવાળી ૨૦ ગણવી તે તપ પુરાં થયેથી જે દેશ કાલે જે વસ્તુ મળતી હોય તે ફલ-ફુલ-નૈવેદ્યાદિક નાણાં પ્રભાવિક પુસ્તકો તથા અઠ્ઠાઇ મહોત્સવ તથા વરઘોડો ચઢાવવો.

સિદ્ધાચલજીના ૧૦૮ ટુંકના ગરણા ॥

૧ શ્રી શેત્રુંજય પર્વતાય નમો નમ
૨ શ્રી પુંડરીક પર્વતાય નમો નમ
૩ શ્રી વિમલાચલ પર્વતાય નમો નમઃ
૪ શ્રી સુરગિરિ પર્વતાય નમો નમ.
૫ શ્રી મહાગિરિ પર્વતાય નમો નમ.
૬ શ્રી પુન્યરાશી પર્વતાય નમો નમઃ
૭ શ્રી પદ્મગિરિ પર્વતાય નમો નમ
૮ શ્રી ઇંદ્ર પ્રકાશગિરિ પર્વતાય નમો નમ
૯ શ્રી મહાતિર્થ પર્વતાય નમો નમઃ
૧૦ શ્રી [illegible]

૧૧ શ્રી દ્રઢશક્તિ પર્વતાય નમો નમ·
૧૨ શ્રી શ્રીદ્રક્ષેત્ર પર્વતાય નમો નમઃ
૧૩ શ્રી મહાનંદ પર્વતાય નમો નમઃ
૧૪ શ્રી કર્મ સૌંદન પર્વતાય નમો નમઃ
૧૫ શ્રી અકલંક પર્વતાય નમો નમઃ
૧૬ શ્રી સૌંદર્ય પર્વતાય નમો નમ.
૧૭ શ્રી વિભાનનપર્વતાય નમો નમઃ
૧૮ શ્રી અમરકેતુ પર્વતાય નમો નમઃ
૧૯ શ્રી મહા કર્મ સુંદન પર્વતાય નમો નમ.
૨૦ શ્રી મહોદય પર્વતાય નમો નમ·
૨૧ શ્રી રાજ્યરાજેશ્વર પર્વતાય નમો નમઃ
૨૨ શ્રી ઢિંક પર્વતાય નમો નમઃ
૨૩ શ્રી માલવતોય પર્વતાય નમો નમઃ
૨૪ શ્રી ધર્મ કીર્તિ પર્વતાય નમો નમઃ
૨૫ શ્રી આનંદ મંદિર પર્વતાય નમો નમઃ
૨૬ શ્રી મહાજસ પર્વતાય નમો નમઃ
૨૭ શ્રી વિજયભદ્ર પર્વતાય નમો નમઃ
૨૮ શ્રી ઢીંકગિરિ પર્વતાય નમો નમ·
૨૯ શ્રી અનંતશક્તિ પર્વતાય નમો નમ.
૩૦ શ્રી વિજયાનદ પર્વતાય નમોનમઃ
૩૧ શ્રી મહંત તીર્થ પર્વતાય નમો નમ·
૩૨ શ્રી શાશ્વત તીર્થ પર્વતાય નમો નમઃ
૩૩ શ્રી માહાશૈલ પર્વતાય નમો નમઃ
૩૪ શ્રી ભદ્રંકર પર્વતાય નમો નમ
૩૫ શ્રી મહા પર્વતાય નમો નમ·
૩૬ શ્રી અજરામર પર્વતાય નમો નમ
૩૭ શ્રી મહાપીઠ પર્વતાય નમો નમ.
૩૮ શ્રી સુદર્શન પર્વતાય નમો નમઃ
૩૯ શ્રી ચર્ચાગિરિ પર્વતાય નમો નમઃ
૪૦ શ્રી તાલધ્વજગિરિ પર્વતાય નમો નમઃ
૪૧ શ્રી ક્ષેમંકરગિરિ પર્વતાય નમો નમઃ
૪૨ શ્રી અનંત તીર્થગિરિ પર્વતાય નમોનમઃ
૪૩ શ્રી શિવંકરગિરિ પર્વતાય નમો નમઃ
૪૪ શ્રી કેવલદાયકગિરિ પર્વતાય નમો નમઃ
૪૫ શ્રી કર્મક્ષયગિરિ પર્વતાય નમો નમઃ :
૪૬ શ્રી જ્યોતિસ્વરૂપગિરિપર્વતાયનમો નમ
૪૭ શ્રી હિમગિરિ પર્વતાય નમો નમઃ
૪૮ શ્રી નગાધિરાજગિરિ પર્વતાય નમોનમઃ
૪૯ શ્રી અચલગિરિ પર્વતાય નમો નમઃ
૫૦ શ્રી અભિનંદનગિરિ પર્વતાય નમોનમઃ
૫૧ શ્રી પરમબ્રમગિરિ પર્વતાય નમો નમઃ
૫૨ શ્રી સ્વર્ગગિરિ પર્વતાય નમો નમઃ
૫૩ શ્રી વિશ્વાપીશગિરિ પર્વતાય નમો નમઃ
૫૪ શ્રી મહેંદ્રધ્વજગિરિ પર્વતાય નમો નમઃ
૫૫ શ્રી મહીધરગિરિ પર્વતાય નમો નમઃ
૫૬ શ્રી હસ્તગિરિ પર્વતાય નમો નમઃ
૫૭ શ્રી પ્રિયંકરગિરિ પર્વતાય નમો નમઃ
૫૮ શ્રી દુઃખહરગિરિ પર્વતાય નમો નમઃ

તપાવલી ॥ ૨૮ ॥

૫૯ શ્રી જયાનંદગિરિ પર્વતાય નમો નમઃ
૬૦ શ્રી આનંદઘરગિરિ પર્વતાય નમો નમઃ
૬૧ શ્રી યશોધરગિરિ પર્વતાય નમો નમઃ
૬૨ શ્રી સહસ્ત્રકમલગિરિ પર્વતાય નમો નમઃ
૬૩ શ્રી વિજયભદ્રગિરિ પર્વતાય નમોનમઃ
૬૪ શ્રી નંદિવર્ધનગિરિ પર્વતાય નમોનમઃ
૬૫ શ્રી વિશાલગિરિ પર્વતાય નમો નમ.
૬૬ શ્રી હરિપ્રિયગિરિ પર્વતાય નમો નમ.
૬૭ શ્રી પુણ્યકેશગિરિ પર્વતાય નમો નમઃ
૬૮ શ્રી વિજયગિરિ પર્વતાય નમો નમ
૬૯ શ્રી ત્રિભુવનપતિ પર્વતાય નમો નમ.
૭૦ શ્રી જયવંતગિરિ પર્વતાય નમો નમ.
૭૧ શ્રી જયંતગિરિ પર્વતાય નમો નમ.
૭૨ શ્રી સર્વાંગસિદ્ધગિરિ પર્વતાય નમો નમ.
૭૩ શ્રી ભવતારણગિરિ પર્વતાય નમો નમ
૭૪ શ્રી કર્મગિરિ પર્વતાય નમો નમ.
૭૫ શ્રી મુક્તિધામગિરિ પર્વતાય નમો નમઃ
૭૬ શ્રી કદંબગીરીગિરિ પર્વતાય નમો નમઃ
૭૭ શ્રી લૌહિતાક્ષગિરિ પર્વતાય નમો નમઃ
૭૮ શ્રી મણિકાંતગિરિ પર્વતાય નમો નમઃ
૭૯ શ્રી સિદ્ધાચલગિરિ પર્વતાય નમો નમઃ
૮૦ શ્રી મહિમાગિરિ પર્વતાય નમો નમઃ
૮૧ શ્રી મતકગિરિ પર્વતાય નમો નમઃ
૮૨ શ્રી અસિવિહારગિરિ પર્વતાય નમોનમઃ
૮૩ શ્રી મનિવિહારગિરિ પર્વતાય નમોનમઃ
૮૪ શ્રી પર્વતેંદ્રગિરિ પર્વતાય નમો નમઃ
૮૫ શ્રી ગુણકંદગિરિ પર્વતાય નમો નમઃ
૮૬ શ્રી ગજચંદ્રગિરિ પર્વતાય નમો નમઃ
૮૭ શ્રી જગતતારણગિરિ પર્વતાય નમો નમઃ
૮૮ શ્રી અનંતગુણાકરગિરિ પર્વતાય નમોનમઃ
૮૯ શ્રી મુક્તિનીલયગિરિ પર્વતાય નમો નમઃ
૯૦ શ્રી નગાધિપગિરિ પર્વતાય નમોનમઃ
૯૧ શ્રી મરકતનંદગિરિ પર્વતાય નમોનમઃ
૯૨ શ્રી ગુમનીગિરિ પર્વતાય નમો નમઃ
૯૩ શ્રી અભયગિરિ પર્વતાય નમો નમઃ
૯૪ શ્રી પુણ્યગિરિ પર્વતાય નમો નમઃ
૯૫ શ્રી મહાપદ્મગિરિ પર્વતાય નમોનમઃ
૯૬ શ્રી કાદંબકગિરિ પર્વતાય નમો નમઃ
૯૭ શ્રી સુરજયગિરિ પર્વતાય નમો નમઃ
૯૮ શ્રી સિદ્ધશેખરગિરિ પર્વતાય નમોનમઃ
૯૯ શ્રી અનંતશ્રેણીગિરિ પર્વતાય નમોનમ
૧૦૦ શ્રી બ્રહ્મગિરિ પર્વતાય નમો નમઃ
૧૦૧ શ્રી સુભદ્રગિરિ પર્વતાય નમો નમઃ
૧૦૨ શ્રી કલ્પજિતગિરિ પર્વતાય નમો નમઃ
૧૦૩ શ્રી મહાયોગીગિરિ પર્વતાય નમો નમઃ
૧૦૪ શ્રી અકર્મકેતનગિરિ પર્વતાય નમોનમ
૧૦૫ શ્રી પાતાલમૂલગિરિ પર્વતાય નમોનમ
૧૦૬ શ્રી સર્વકામીકગિરિ પર્વતાય નમોનમઃ

૧૦૭ શ્રી ભદ્રપીઠગિરિ પર્વતાય નમો નમઃ | ૧૦૮ શ્રી પુન્યમહોદયગિરિ પર્વતાય નમોનમ | ॥ ઇતિ શ્રી શત્રુંજયનાં એકસોને આઠ નામેં ૧૦૮ ગુરૂણા સંપૂર્ણમ ॥

૧૪૦. **"અથ શ્રી મેંરૂ ત્રયોદશી તપનુ ગરણું તથા તેની વિધી:"** મહા વદિ તેરસને દિવસે શ્રીરૂષભદેવ સ્વામીનું નિર્વાણ કલ્યાણક થયું છે માટે એ દિવસનું માહાત્મ્ય મોટું છે તેથી એને મહોટું પર્વ ગણીને જેવારે એ દિવસ આવે-તે દિવસે ચઊ વિહારો ઊપવાસ કરી રત્નના પાંચ મેંરૂ કરવા. તેની આગલ વલી ચાર દિશાએ ચાર નાના મેંરૂ કરવા તેની આગલ વલી ચાર દિશાએ ચાર નંદાવર્ત્ત કરવા. દીવો ધૂપ પ્રમુખ ઘણા પ્રકારની પૂજા કરવી. એવી રીતેં તેર મહીના પર્યંત અથવા ત્રેર વર્ષ પર્યંત કરવુ. અને શ્રીરૂષભદેવ સ્વામીનુ **"શ્રીરૂષભદેવ સ્વામિ પારંગ‌તાય નમઃ"** એ પદનું બેહુજાર ગણણું ગણવું. નવકારવાલી ૨૦-ગણવી તથા બાર સાથીયા-બાર ખમાસમણ-બાર લોગસ્સ ગણવા. એવી રીતેં મહીનેં મહીને કરેં તો સર્વ કર્મના ક્ષય થાય. આ ભવ તથા પરભવને વિષે સુખ સંપદા પામેં. વળી તેરસને દિવસેં પોસહ કરે. પારણાને દિવસેં ગરૂનેં પડિલાભી અતિથી સંવીભાગ કરી પારણું કરે. ॥ ઇતિ ॥

૧૪૧. **"અથ શ્રી સિદ્ધાચલજીની ૨૧ ટુંકના તપની વિધી:"** વિધી:-નીચે મુજબ ૨૧ સાથીયા-૨૧ બદામો-૨૧ ખમાસમણ-૨૧ લોગસ્સનોકાઉસ્સગ્ગ-૨૧ પ્રદક્ષિણા-તે ટુંકને નામે ઉપવાસ તથા છઠ્ઠ અઠ્ઠમ શક્તિ અનુંસારે કરે. તે તપ પુર્ણ થયેથી જે દેશકાલે જે વસ્તુ મલતી હોય તે ફલ, ફુલ, નૈવેદ્યાદિક મેલવીને નવાણું પ્રકારાદિ પૂજાઓ-અઠાઈ ઓચ્છવ કરવો તથા વરઘોડો ચડાવવો. ૨૧ ટુંકના ગુરણા નિચે પ્રમાણું નવકારવાલી ૨૦-ગણવી.

૧ શ્રી શત્રુંજયગિરિયે નમઃ	૩ શ્રી મરૂદેવીગિરિયે નમઃ	૫ શ્રી રૈવતગિરિયે નમઃ
૨ શ્રી બાહુબલીગિરિયે નમઃ	૪ શ્રી પુંડરીકગિરિયે નમઃ	૬ શ્રી વિમલાચલાય નમઃ

તપાવલી ॥ ૨૯ ॥

૭ શ્રી નિઋરાજગિરિયે નમઃ
૮ શ્રી બગિરથગિરિયે નમઃ
૯ શ્રી સિદ્ધક્ષેત્રગિરિયે નમઃ
૧૦ શ્રી મહુઅકમલગિરિયે નમઃ
૧૧ શ્રી મુક્તિનિલયગિરિયે નમઃ
૧૨ શ્રી ગિમ્બાચલગિરિયે નમઃ
૧૩ શ્રી શતકુટગિરિયે નમઃ
૧૪ શ્રી ટંકગિરિયે નમઃ
૧૫ શ્રી કોટિનિવાસગિરિયે નમઃ
૧૬ શ્રી કદમગિરિયે નમઃ
૧૭ શ્રી લોહિતાક્ષગિરિયે નમઃ
૧૮ શ્રી તાલધ્વજગિરિયે નમઃ
૧૯ શ્રી પુણ્યરાશિગિરિયે નમઃ
૨૦ શ્રી મહાબલગિરિયે નમઃ
૨૧ શ્રી દ્રઢશક્તિગિરિયે નમઃ ॥ ઇતિ ॥

૧૪૨. "અથ શ્રાવકનાં અડસઠ તિર્થનાં નામ :" ૧ શ્રીશત્રુંજય તીર્થ-૨ ગીરનાર તીર્થ-૩ શ્રીસમેતશીખર તીર્થ-૪ અષ્ટાપદ તીર્થ-૫ આબુ તીર્થ-૬ આરાસણ તીર્થ-૭ શ્રીતારંગાજી તીર્થ-૮ ધંડરગઢ તીર્થ-૯ અનુત્તર વીમાન તીર્થ-૧૦ દેવલોક તીર્થ-૧૧ વૈતાઢ્ય પર્વત તીર્થ ૧૨ જ્યોતિષી તીર્થ-૧૩ વ્યંતર તીર્થ ૧૪ કદીપુડ તીર્થ-૧૫ કુકેશ્વર તીર્થ-૧૬ ચંપાનગરી તીર્થ-૧૭ પાવાપુરિ તીર્થ-૧૮ ગજપ્રસર તીર્થ-૧૯ અયોધ્યા તીર્થ ૨૦ વૈભારગિરિ તીર્થ-૨૧ અપાપા તીર્થ-૨૨ વણારસી તીર્થ-૨૩ અહુઅકુણ્ડ તીર્થ-૨૪ અંતરીક્ષજી તીર્થ-૨૫ માણુંક સ્વામી તીર્થ ૨૬ માનુષોત્તર તીર્થ ૨૭ નંદીશ્વર તીર્થ-૨૮ રૂચક તીર્થ-૨૯ કુંડલ તીર્થ-૩૦ તક્ષશિલા તીર્થ-૩૧ મથુરા તીર્થ-૩૨ અગીહિકા તીર્થ-૩૩ અનાહિલાલ તીર્થ-૩૪ એકાંસ્તંભ તીર્થ-૩૫ સોમતાલાવ્યા તીર્થ-૩૬ મોઢેરા તીર્થ ૩૭ વહેલ તીર્થ-૩૮ સ્તંભ તીર્થ-૩૯ ચિત્રકુટ તીર્થ-૪૦ પ્રભાસ તીર્થ-૪૧ આંબળવાડ તીર્થ-૪૨ હીશનર તીર્થ-૪૩ માનુ તીર્થ-૪૪ વસંતપુર તીર્થ ૪૫ મેરૂસ્તાવ તીર્થ-૪૬ પાલ્હણ તીર્થ ૪૭ જીરાઉલા તીર્થ-૪૮ કરેડા તીર્થ-૪૯ કામર્દ તીર્થ-૫૦ દસોર તીર્થ-૫૧ મથ્થપુર પાટણ તીર્થ ૫૨ વસંતપુર પાટણ તીર્થ ૫૩ મોપાસાપુર પાટણ-તીર્થ-૫૪ શત્રુવિહાર તીર્થ-૫૫ રાણવિહાર તીર્થ-૫૬ કુંભલમેર તીર્થ-૫૭ ગીરોદી તીર્થ-૫૮ મેરૂ તીર્થ-૫૯ નાગેંદ્ર તીર્થ-૬૦ વડનગર તીર્થ-૬૧ નાડોલ તીર્થ-૬૨ નવખંડ તીર્થ-૬૩ નવપલ્લવ તીર્થ-૬૪ મખેશ્વર તીર્થ-૬૫ ગોડીજી તીર્થ-૬૬ ભટે

બરાય નીગ ૬૭ પાર્શ્વનાથ તીર્થ-૬૮ કલીકુંડ પાર્શ્વનાથ તીર્થ-॥ ઇતિ શ્રી ૬૮ તીર્થ સમ્પૂર્ણ ॥

૧૪૩ "અથ ચક્રવર્ત્તિનાં એકીન્દ્રિય રત્ન ૭ કહે છે"

૧ ચક્રરત્ન હાથ ૪ પ્રમાણે—૨ છત્ર રત્ન હાથ ૪ પ્રમાણે—૩ મંડ રત્ન હાથ ૪ પ્રમાણે—૪ ચર્મ રત્ન હાથ ૨ પ્રમાણે ૫ ખડ્ગ રત્ન આંગુળ ૩૨ પ્રમાણે—૬ કાકિની રત્ન આંગુલ ૪ પ્રમાણે—૭ મણી રત્ન આગુળ ૪ પ્રમાણે **હવે પંચેન્દ્રિયનાં સાત રત્ન કહે છે.** ૧ પરોહિત રત્ન—૨ સેનાપતિ રત્ન—૩ સ્ત્રી રત્ન—૪ ગ્રહપતિ રત્ન—૫ વાર્દ્ધિક રત્ન —૬ ગજ રત્ન—૭ તુરંગ રત્ન ॥ ઇતિ ॥

૧૪૪. "હવે વાસુદેવના પંચેન્દ્રિય સાત રત્ન કહે છે :—

૧ ચક્ર રત્ન | ૨ ધનુષ રત્ન | ૩ ખડ્ગ રત્ન | ૪ માણી રત્ન | ૫ ગદા રત્ન | ૬ વનમાળા રત્ન | ૭ સંખ રત્ન—॥ ઇતિ ॥

૧૪૫. "અથ શ્રી દશ પ્રકારની અસજ્ઝાયનો સંક્ષિપ્ત વિચાર :" ૧ ઉલ્કાપાત-૨ દિગ્દાહ-૩ વિજલી-૪ ગાજ-૫ વ્યંતરાદિ દેવ કૃતમહાગાજ-૬ સંધ્યપ્રભા ચંદ્રપ્રભા બિહુ એકઠી હોય શુકલપક્ષે પડવાદિકે હોય-આકાશે અગ્નીદાહ સમાન ઉદ્યોત હોય અસજાય-૭ ધુમ્મર પડે ૮ હિમાદિક પડે-૯ રજો વૃષ્ટિ-૧૦ વર્ષાકાલે આર્દ્રા નક્ષત્રથી માંડી સ્વાતિ નક્ષત્ર લગે ગાજવીજ-વાદલ-તારા દિવસે દેખાય તોપણ અસજાય ન હોય-ચોમાસે આસો માસ સુદિ પાંચેમથી માંડીને વદ પડવાનાં અર્ધ લગે દિન ૧૨ની અસજાય તેમજ ચૈત્ર માસની જાણવી. આષાઢ કાર્ત્તિક ફાગુણ ચોમાસાની દિન ૨ ની અસજાય. ચૌદશ-પુનેમ-દીવાલિ સુપડાંકુટની વેલા પ્રભાત સમય લગી અસજાય હોય ફાગણ ચોમાસે તે હોલી પ્રગટે તીહાંથી માંડી રજ ઉડી રહે ત્યાં લગી અસજાય હોય—૧ અસ્થિ-૨ માંસ-૩ શ્રોણિત-૪ રૂધિર અશુચિ-પુત્ર પ્રસવાદિ અપવિત્ર વસ્તુ થાનક સમીપ હોય. સૂર્ય ચંદ્રને ગ્રહણ વેલાએ અસજાય-૫ રાજા સેનાની ગ્રામ નાયકાદિકનું મરણું અસજાય-૬ મોટો સંગ્રામ થાય તે-તથા ૭ પુરૂષ-સ્ત્રી-મલ્લાદિકનો યુધ્ધ થતી વેલાએ-૮ સ્ત્રી ધર્મ આવે સ્ત્રીને-

[illegible]

મહોત્સવ-સ્વામિ વાત્સલ્ય-ઈત્યાદિ અનેક પ્રકારે સંઘ ભક્તિ કરવી ॥ ઇતિ ॥

"૧૪૩ શ્રીયુગ પ્રધાન તપ" તથા ગુણાયું દૂહા જુગ પ્રધાન સૂરી નમું, દોય હજારને ચાર-વર્ત્તમાન આગમ તણા-જે છે ધારણહાર ॥ ૧ ॥ નમો વીતરાગાય ॥ નમ શ્રીભદ્રબાહવે-યેન શ્રીદુઃષમાપ્રાભૃતે-ત્રયોવિંશતિ રૂદયૈઃ કૃત્વા ચતુર (ધિક દ્વિ સહસ્ર યુગ પ્રધાનઃ સ્વરૂપ યથાપ્રથમોદય ૨૦ યુગ પ્રધાન તપ દ્વિતીયોદયે-૨૩-યુગ પ્રધાન તપ-તૃતીયોદયે-૯૮-યુગ પ્રધાન તપ-ચતુર્થોદય ૭૮-યુગ પ્રધાન તપ-પંચમોદયે-૭૫-યુગ પ્રધાન તપ-ષષ્ટોદય-૮૯-યુગ પ્રધાન તપ-સપ્તમોદયે-૧૦૦-યુગ પ્રધાન તપ-અષ્ટમોદયે-૮૭-યુગ પ્રધાન તપ-નવમોદયે-૯૫-યુગ પ્રધાન તપ-દશમોદયે-૮૭-યુગ પ્રધાન તપ-એકાદશમોદયે ૭૧-યુગ પ્રધાન તપ-દ્વાદશમોદયે-૭૮ યુગ પ્રધાન તપ-ત્રયોદશમોદયે-૯૪-યુગ પ્રધાન તપ-ચતુર્દશમોદયે-૧૦૮-યુગ પ્રધાન તપ-પંચદશમોદયે-૧૦૩ યુગ પ્રધાન તપ સોલસમોદયે-૧૦૭-યુગ પ્રધાન તપ-સપ્તદસમોદયે-૧૦૪-યુગ પ્રધાન તપ-અષ્ટાદશમોદયે-૧૧૫-યુગ પ્રધાન તપ-એકોનવિંશતિતમોદયે-૧૩૩-યુગ પ્રધાન તપ-વીસમોદયે-૧૦૦-યુગ પ્રધાન તપ-એકવિંશતિતમોદયે-૯૫-યુગ પ્રધાન તપ દ્વાવિંશતિતમોદયે-૯૯-યુગ પ્રધાન તપ-ત્રયોવિંશતિતમોદયે-૪૦-યુગ પ્રધાન તપ- ॥ વિધિ :- પ્રથમ બાજોઠ માંડવો, તે ઉપર ઠવણિ માંડવી, તે ઉપર રૂમાલ ઢાંકવો, તેના ઉપર એક પાઠું મુકવું. તે પાઠામાં યુગ પ્રધાનનું પાનું અથવા મૂર્ત્તિ મુકવી. ત્યાં આગલ ઘીનો દિવો ને ધુપ કરવો. પેલી ઉલી વીસ દિવસની. બીજી ઉલી તેવીસ દિવસની એહવી રીતે ઓલીઓ તેવીસ. જે જે ઓલીના જેટલા દિવસ હોય તે પ્રમાણે તેટલા દિવસની ઓલી કરવી. તેમાં છેલું ને પહેલું તપ કરવો, આયંબિલ તથા ઉપવાસ કરવો બાકીનાં એકાસણાં કરવા તેનું કાઉસગ્ગ તથા ખમાસમણા તથા પ્રદક્ષિણા વિગેરે જે જે ઓલીના જેટલા દિવસ હોય તેટલા લોગસ્સનોકાઉસગ્ગ-તથા તેટલા સાથીયા. તેટલાં ખમાસમણાં તેટલી પ્રદક્ષિણા વિગેરે કરવું. જે જે દિવસે જે જે યુગ પ્રધાનનું નામ હોય તે નામની વીસ નવકારવાલી ગણવી. અને

[illegible] મોજન જુગિ. [illegible] વિસ્તાર, પ્રભુ આગેં પ્રકાશી, રચના અનુસાર સાર; મોઈ આગમ ગુંજુતા, છેદિ જે અતિ [illegible] [illegible] પ્રધાન [illegible]. અહીંને [illegible] સાર, ઓથીઈ કરી જ્ઞાન પૂંજવું. આગીઆ ઉપર નીવેદ-ફલ તથા શ્રીફલ [illegible] [illegible] [illegible] [illegible] મુકવાં અને નિરંતર જુગ પ્રધાન આગલ ધુપ તથા દીપ કરવો. અને પછી જુગ પ્રધાન [illegible] [illegible] [illegible] [illegible] કરીને હવે પ્રથમ બધાં તપ કરતા હોય તે યુગ પ્રધાનની મૂર્તિ આગલ [illegible] [illegible] [illegible] [illegible] પૂજા [illegible]. આગેવાન નિરંતર વાસક્ષેપ અને રૂપા નાણાથી જ્ઞાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોય તો નિરંતર રૂપા નાણેથી પૂજે. નહીતર પહેલે ને છેલ્લે દિવસે રૂપા નાણાથી પૂજા કરે [illegible] [illegible] [illegible] [illegible] પૂજા કરે. પછી જે જે ઓલીનાં જેટલા દિવસ હોય. તેટલી પ્રદક્ષિણા યુગ પ્રધાનનો [illegible] [illegible] દેવી. **[illegible] [illegible] [illegible] શાસને, હોય હજારને ચારઃ યુગ પ્રધાન સૂરીશ્વરૂ, વંદુ વારંવારઃ** અને અનુક્રમે [illegible] [illegible] [illegible] [illegible] તો [illegible] ખમાસમણ નિરંતર દેવા. પછી પ્રભુ ખમાસમણ દેઈ જ્ઞાનનું [illegible] વંદન કરવું. [illegible] સુધી [illegible] [illegible] સર્વ ખમાસમણ દેઈ જે જે દિવસે જે જે યુગ પ્રધાનનો નામ હોય તે તે યુગ પ્રધાનનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લોગસ્સનો કાઉસ્સગ્ગ સાગરવર ગંભીરા સુધી કરવો ને પારીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગુરૂ પૂજાનું કરવું મ્હોટા આડંબરથી વરઘોડો ચઢાવવો. [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. " **[illegible] શ્રી યુગ પ્રધાન તપ પૂજા** " દુહા-પંચમ આરે જે થયા, હોય હજારને [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] ॥ ૧ ॥ જુગ પ્રધાન મુનિસરૂં, ગુણમાંન [illegible]. [illegible] સૂરી તણે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] જુગ પ્રધાન શ્રી જંબુસ્વામી, યુગમાં અગ્ર [illegible] ॥ ૩ ॥ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] અગ્ર નિધાન ॥ ૪ ॥ ઢાલ [illegible] જંબુ [illegible], [illegible] [illegible] [illegible]

